₹ ૧૫/-

## દેવોની માતા



# પ્રભુ અર્પણ

ફેબ્રુઆરી - ૨૦૧૭

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✲

આદ્ય શક્તિ તે વિશ્વથી ઊર્ધ્વમાં રહેલી પરમ ચેતના અને શક્તિ છે અને તેમના વડે સર્વ દેવોનો આવિર્ભાવ થાય છે, તથા અતિમાનસ ઈશ્વર પણ તેમના દ્વારા જ આવિર્ભાવમાં આવે છે.

દેવોનું રૂપાંતર થઈ શકતું નથી, કારણ કે તેઓ સ્થિર કોટિનાં સત્ત્વો છે, ઉત્ક્રાન્તિ પામનારાં સત્ત્વો નથી, તેઓ પરિવર્તન પામવા માટે આવી શકે છે, એટલે કે વસ્તુઓ વિશે તેમના પોતાના વિચારો અને દૃષ્ટિબિંદુ છોડી દઈને પ્રભુના ઊર્ધ્વ સંકલ્પને તથા અતિમાનસ સત્યનું અનુસરણ કરવાને તેઓ આવી શકે છે.

શ્રી માતાજી

**પ્રશ્ન : ભૂતકાળમાં અને વર્તમાનમાં જુદા જુદા ધર્મોમાં દેવોનાં વિધવિધ સ્વરૂપોની જે પૂજા કરવામાં આવે છે તેના પ્રતિ શ્રી અરવિન્દના યોગના સાધકનું વલણ શું હોવું જોઈએ ?**

**ઉત્તર : સૌ ભક્તો પ્રત્યે એક શુભેચ્છાપૂર્ણ ઔદાર્યભાવ. સર્વ ધર્મો પ્રત્યે પ્રબુદ્ધ ઉદાસીનભાવ. અધિમનસનાં સ્વરૂપો સાથેના સંબંધને લાગેવળગે છે ત્યાં સુધી — જો એ સંબંધ બંધાઈ ચૂકયો હોય તો — પ્રત્યેક કિસ્સામાં તેનો પોતાનો જ ઉકેલ હોવો જોઈએ.**

(CWM : 12 : 308)

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

**ફેબ્રુઆરી - ૨૦૧૭ વર્ષ : ૦૩ અંક : ૦૨**

# અનુક્રમ

## દેવોની માતા


| | |
|---|---|
| પ્રભુની માતા | ૦૬ |
| પરમ સર્જનાત્મક શક્તિ | ૦૭ |
| શ્રી માતાજી અને દેવતાઓ | ૧૧ |
| દેવોનું રૂપ અને એમનું કાર્ય | ૧૬ |
| દેવો અને માનવજાતિ | ૨૩ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૪ |


**તંત્રી નોંધ :** શ્રી માતાજીનું રૂપાંતરનું કાર્ય માત્ર માનવો માટે જ ન હતું. માનવ પણ છેવટે એક કડી છે, વિધવિધ સ્તરોએ તથા ચેતનાની અન્ય ભૂમિકાઓએ જે અનેક પ્રાણીઓ રહેલાં છે તેમાંની એક કડી. એ સર્વ પ્રાણીઓ ઉપર માનવ અતિમાનસ સ્વરૂપમાં ઉત્ક્રાંત થશે તેની અસર જરૂર થવાની જ છે. આ બધી કડીઓને ધ્યાનમાં રાખવાની હતી અને એના ઉપર કાર્ય કરવાનું હતું. એ કડીઓમાં આ દેવો પણ છે, જેમણે સૃષ્ટિનાં કાળચક્રોનું નિયમન કર્યું છે. અતિમનસ ચેતના ઉત્ક્રાન્તિના હવે પછીના ચક્રને આગળ ધપાવી રહી હોવાથી માનવોના દેવો સાથેના સંબંધોમાં તથા દેવોના પૃથ્વી સાથેના સંબંધમાં પરિવર્તન આવવાનું જ છે. શ્રી માતાજી માત્ર પૃથ્વી અને માનવો, પક્ષીઓ, છોડ અને જીવજંતુઓની જ માતા ન હોતાં દેવો અને રાક્ષસોની પણ માતા હોવાથી પોતાનાં આ બાળકો પર એમને પોતાનો પ્રેમ રેલાવવાનો હતો તેમ જ એ બાળકોને અતિમાનસ સૃષ્ટિનો માર્ગ સરળ કરી આપવા નૂતન પદ્ધતિઓ શીખવાડવાની પણ હતી. પ્રસ્તુત અંકમાં શ્રી માતાજીના કાર્યની આ બાજુ વિશે વિચારણા કરવામાં આવી છે.

*



**શ્રી માતાજી**

**પ્રશ્ન** – પરમાત્માએ તમને જ્યારે જગત બનાવવાનું કહ્યું ત્યારે કઈ વસ્તુ કરવાની છે એની તમને કેવી રીતે ખબર પડી ?

**ઉત્તર** – એ વિશે મારે કશું જાણવાનું ન હતું. કેમકે પરમાત્મામાં દરેક વસ્તુ રહેલી જ હોય છે; સારુંયે જગત, એ જગત વિશેનું જ્ઞાન અને તે બનાવવાની શક્તિ. એમણે જ્યારે નક્કી કર્યું કે એક જગત થવું જોઈએ, ત્યારે પ્રથમ તેમણે એ જગત વિશેનું જ્ઞાન તથા તે બનાવવાની શક્તિ બહાર આણ્યાં અને એ વસ્તુ તે હું છું અને પછી તેમણે મને જગત બનાવવા માટે આજ્ઞા કરી.

# પ્રભુની માતા

પૂર્ણભાનમયી એક શક્તિ શાશ્વતરૂપિણી
જગમાં દુઃખ આ છે જે, મર્ત્યનો જન્મ જે રહ્યો,
ચિત્તનાં સ્ખલનો આ ને, કાળની પગલી વળી
પડતી ખડતી ધીમી - એ બધા પૂંઠળે રહી,
પ્રભુની એહ માતા, ને સ્વસા ને પત્ની એહની,
દુહિતા જ્ઞાનની એના બલની એહ સંગિની,
એ ઊઠી સહસા આવી પરાત્પર તણા મહા
ગૂઢ હૈયા થકી, એનાં બ્રહ્માંડો ઈન્દ્રચાપ શાં
મનનાં પ્રાણનાં સર્વ બાંધવા રચવા મહા,
પરમોર્ધ્વ ચિતિ કેરી અનન્યા પૂર્ણ તે પ્રભા,
અચિત્‌ની અહીંયાં બ્હોળી ચિત્તશૂન્ય મચી રહી
મહા જહેમત - એ બેની વચમાં, જડતત્ત્વની
નિદ્રાની ગતિ, નિદ્રાનો નિત્યનો વ્યવહાર આ,
અને આ તારકો કેરાં નિદ્રસ્થ ભ્રમણો ત્યહીં -
એ બલાત્‌, શૂન્ય આ જે ત્યાં ઉષ્માહીન પડ્યું, નહીં
કશુંકે કરવા ચ્હાતું, તેહને પ્રાણના મહા
સાહસે પ્રેરતી, ને કૈં નિજ મત્ત વિલાસનાં
સ્વપ્નો ઉગ્ર વિષે એને ક્રિયમાણ કરી જતી.
અહીં ઘોર તમો કેરાં બલોની ગતિને વિષે
એ આવી, અવકાશોની સૃષ્ટિમાં અશુભો અને
સ્ખલનો થકી જન્મંતી વેદનાને રુઝાવવા,
અને આ અજ્ઞતાપૂર્ણ જગનું કરુણાન્તક
નાટ્ય જે, હર્ષના તેને સુખાન્ત નાટ્યને વિષે,
પ્રભુની મુદના પેલા હાસ્ય ને હર્ષને વિષે
પલટી આપવા કાજે એ પ્રવૃત્ત બની રહી.
આ માતા પ્રભુની, એ છે શાસિકા અમ આત્મની;
પ્રભુએ કાળમાં આ જે ગ્રહ્યો છે જન્મ તે વિષે
આપણે સહભાગી છૈં, પ્રભુના વારસે ખડા
એહની શાશ્વતી કેરા આપણે સહભોજકો.

**દક્ષિણા ૨, ૫૪૩** **શ્રી અરવિન્દ**

# પરમ સર્જનાત્મક શક્તિ

## એક, આદ્યા; પરાત્પરા શક્તિ

એક, આદ્યા, પરાત્પરા શક્તિ, મા ભગવતી, સકળ વિશ્વોની શ્રેણીઓથી પર ઊર્ધ્વમાં બિરાજે છે. અને પોતાની સનાતન ચેતનામાં પરમ ઈશને તે ધારણ કરી રહી છે. એકલ, એ મા ભગવતી પરમ ઈશના સર્વશક્તિમાનપણાને અને તેની અવર્ણનીય સંનિધિને પોતાનામાં ધારણ કરે છે. જે સત્યો પ્રગટ કરવાનાં હોય છે તેમને પોતાનામાં ધારણ કરીને, અથવા તો પરમ ઈશની રહસ્યમયતામાં લીન રહેલાં હોય છે ત્યાંથી તેમને સાદ કરીને પોતાની અનંત ચેતનામાં નીચે ઉતારી લાવે છે, અને પોતાની શાશ્વત, સર્વસમર્થ શક્તિમાંથી આ વિશ્વમાં તેમને શક્તિનું એક સ્વરૂપ આપે છે તથા પોતાના નિરવધિ પ્રાણમાંથી પ્રાણ અને પાર્થિવ દેહ પણ આપે છે. પરાત્પરા મા ભગવતીની ચેતનામાં પરમ બ્રહ્મ પોતે શાશ્વત સચ્ચિદાનંદ રૂપે સદા પ્રગટ રહેલ છે. અને ઈશ્વર-શક્તિની એક છતાં દ્વિદલ ચેતનામાં તે મા ભગવતી દ્વારા પ્રગટ થાય છે, તથા પુરુષ પ્રકૃતિના દ્વૈત તત્ત્વરૂપે તે જ વ્યક્ત થાય છે, — અનેક સૃષ્ટિઓમાં, અને સ્તરોમાં તથા દેવો અને દેવીઓમાં એ દ્વૈત-અદ્વૈત તત્ત્વને મા ભગવતી મૂર્ત સ્વરૂપ આપે છે, તથા જ્ઞાત અને અજ્ઞાત જગતોમાં જે કાંઈ છે તે સઘળું મા ભગવતીને લીધે જ સાકાર થયેલું છે. જે કાંઈ છે તે સર્વ પરમ બ્રહ્મની સાથે મા ભગવતીની લીલા છે; જે કાંઈ છે તે સઘળું શાશ્વત પરમના રહસ્યોનો, અનંતના ચમત્કારોનો મા ભગવતીએ કરેલો આવિર્ભાવ છે. અખિલ વિશ્વ મા ભગવતી પોતે જ છે, કારણ કે સર્વ કાંઈ દિવ્ય ચિતિના જ ભાગો અને તેનાં જ અંગો છે. અહીં આ જગતમાં કે અન્યત્ર શ્રી મા જે નિર્માણ કરે અને પરમ ઈશ જેને અનુમોદન આપે તે સિવાય કોઈ વસ્તુ અસ્તિત્વમાં આવી શકે જ નહિ. પરમ બ્રહ્મથી પ્રેરિત મા ભગવતી પોતાના સર્જક આનંદમાં બીજ રૂપે નાંખીને પોતાની જ્ઞાન દૃષ્ટિ વડે જે વસ્તુને જુએ છે અને જેને આકાર આપે છે તે સિવાય આ વિશ્વમાં કોઈ વસ્તુ સાકાર બની શકતી જ નથી.

## શ્રી માતાજી મહાશક્તિ સ્વરૂપે

અવિદ્યાના બનેલા લોકત્રયની—મન, પ્રાણ અને સ્થૂલ જગતોની—મહાશક્તિ તરીકે મા ભગવતી એક બાજુ, ઊર્ધ્વમાં રહેલી—પરંતુ જેમને અહીં ઉતારી લાવવાની છે તે—વિજ્ઞાનની જ્યોતિ, સત્યજીવન અને સત્યસૃષ્ટિ અને બીજી બાજુ આપણા આ લોકત્રયની આરોહણ અને અવરોહણ કરનારી, ચેતનાના ચડતા ઊતરતા પ્રકારના સ્તરોની શ્રેણી—એ બેની વચ્ચે અંતરાલ ભૂમિકામાં ઉપસ્થિત છે. ચૈતન્યની આ ભૂમિકાઓ બેવડી નિસરણી પેઠે નીચે જડતત્ત્વની અચેતનતામાં ઊતરી લુપ્ત થઈ જાય છે અને તેમાંથી પાછી ઉત્ક્રાંતિ દ્વારા પ્રાણ, અંતરાત્મા અને મન વગેરેનો વિકાસ સાધતી, પ્રફુલ્લિત બનતી, આત્માની અનંતતા પ્રત્યે આરોહણ કરે

છે. આ વિશ્વમાં અને પૃથ્વીના વિકાસક્રમમાં શું શું થવું જોઈએ તે સઘળાનો નિર્ણય મા ભગવતી પોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા, પોતાના સહજ જ્ઞાન વડે, તથા પોતાના અંતરમાંથી જે તત્ત્વોનું પોતે સિંચન કરે છે તે દ્વારા કરે છે. એ પ્રમાણે નિર્માણ કરીને મા ભગવતી પોતે દેવતાઓથીયે પર ઊર્ધ્વમાં વસે છે. અને પોતાનાં સઘળાં શક્તિ-સ્વરૂપોને અને વ્યક્તિ-સ્વરૂપોને વિશ્વમાં પોતાનું કાર્ય કરવા માટે તે આગળ કરે છે, અને એ શક્તિઓ વ્યક્તિ સ્વરૂપોના પ્રાદુર્ભાવોને તે આપણી અવિદ્યામય  સૃષ્ટિમાં એટલા માટે મોકલે છે કે તેઓ આ પૃથ્વી ઉપર આવીને અહીં રહેલા નિમ્ન જગતના કાર્યમાં વચ્ચે પડે, તેમનું શાસન કરે, સંગ્રામો ખેડે અને વિજય પ્રાપ્ત કરે, તથા તેનાં યુગચક્રોને દોરે અને પલટે તથા જગતમાં કાર્ય કરી રહેલી શક્તિધારાઓનું — સમગ્ર રૂપે તથા વ્યક્તિ રૂપે — સંચાલન કરે. આ પ્રાદુર્ભાવો મા ભગવતીનાં દિવ્ય સ્વરૂપો છે, એનાં જ વ્યક્તિ-રૂપો છે જેની આરાધના જુદાં જુદાં નામે બધા યુગોમાં મનુષ્યો કરતા આવ્યા છે. વળી એ સ્વરૂપો ઉપરાંત જે પ્રમાણે તે ઈશ્વરની વિભૂતિઓનાં મન તથા દેહોને તૈયાર કરે છે અને તેમને આકાર આપે છે તે પ્રમાણે પોતાનાં એ શક્તિ- સ્વરૂપો અને એમના પ્રાદુર્ભાવો દ્વારા પોતાની વિભૂતિઓના માનસિક અને શારીરિક દેહો પણ મા ભગવતી તૈયાર કરે છે, અને તે એટલા માટે કે આ સ્થૂલ જગતમાં અને માનવ ચેતનાના અવગુંઠન હેઠળ પોતાની શક્તિનું, અને ગુણનું અને સન્નિધિનું એકાદ કિરણ પ્રગટ થાય. આ પાર્થિવ જીવન લીલાના બધા પ્રવેશો મા ભગવતીએ પોતે યોજ્યા છે અને ગોઠવ્યા છે, તથા બ્રહ્માંડના દેવોને પોતાના મદદગાર તરીકે લઈને પોતે ગુપ્ત વેશે નટ તરીકે ભજવેલા છે.

### મા ભગવતીની ચાર મહાન શક્તિઓ

મા ભગવતીનાં ચાર સ્વરૂપો, એનાં ચાર પ્રધાન શક્તિ-સ્વરૂપો અને વ્યક્તિ-સ્વરૂપો આ વિશ્વનું માર્ગદર્શન કરવાના કાર્યમાં તથા આ પૃથ્વી સાથેના તેના વ્યવહારમાં સૌથી મોખરે રહેલાં છે. એમાંનું એક સ્વરૂપ સ્થિર વિશાળતા, સર્વગ્રાહક જ્ઞાન શક્તિનું, પ્રશાંત માંગલ્ય અને અક્ષય દયાનું તથા સમ્રાટ-સમા અલૌકિક મહિમાનું તથા સર્વશાસક ગૌરવનું બનેલું છે. એનું બીજું સ્વરૂપ, ભવ્ય સામર્થ્ય, અવિરોધ્ય આવેગ, ક્ષાત્ર ભાવ, સર્વંકથા — અભિભૂત કરનાર તપઃશક્તિ, પ્રચંડ વેગ અને જગતને કંપાવનાર ઉગ્ર શક્તિને ધારણ કરે છે. ત્રીજું સ્વરૂપ પરિસ્ફુટ અને મધુર છે અને સૌંદર્ય, સંવાદ અને લયબદ્ધતાનું ગહન રહસ્ય ધારણ કરે છે. એનામાં સંકુલ અને સૂક્ષ્મ સમૃદ્ધિ વસે છે, એમાં અવિરોધ્ય આકર્ષણ અને સંમોહક લાવણ્યની સુષમા રહેલી હોઈ તે અદ્ભુત છે. ચોથું સ્વરૂપ, વસ્તુઓનું અંતરંગ તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિવાળું છે તથા સાવધાનપણે દોષરહિત કાર્ય કરવાની, સઘળાં કાર્યોમાં શાંત અને ચોક્કસ પૂર્ણતા લાવવાની શક્તિથી સજ્જ હોય છે. જ્ઞાન, શક્તિ, સંવાદ અને પૂર્ણતા એ ચાર અનુક્રમે એ ચાર સ્વરૂપોનાં લક્ષણો છે. મા ભગવતીનાં એ શક્તિ-સ્વરૂપો પોતાના એ ગુણોને આ જગતમાં પોતાની સાથે લઈ આવે છે અને પ્રગટ કરે છે તથા માનવના વેશમાં પ્રગટ

થયેલી પોતાની વિભૂતિઓમાં તેમને વ્યક્ત કરે છે. જે લોકો મા ભગવતીના સીધેસીધા અને જીવંત પ્રભાવ પ્રત્યે પોતાની પાર્થિવ પ્રકૃતિને ખુલ્લી કરી શકે છે, તથા જેટલા પ્રમાણમાં તેઓ આ દિવ્યતા પ્રત્યે આરોહણ કરી શકે છે તેટલા પ્રમાણમાં એ ચાર શક્તિ સ્વરૂપો તેમનામાં પોતાના એ ગુણોની સ્થાપના કરી આપે છે. એ ચાર સ્વરૂપોને આપણે ચાર મહા અભિધાન આપીએ છીએ : મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી.

## મા ભગવતીનાં બીજાં મહાન વ્યક્તિ-સ્વરૂપો

મા ભગવતીનાં બીજાં પણ મહાન વ્યક્તિ-સ્વરૂપો છે. પરંતુ એમનું અવતરણ કરાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ હતું. એ વ્યક્તિ-સ્વરૂપોએ પૃથ્વીની ચેતનાના ક્રમવિકાસમાં પેલાં સ્વરૂપો પેઠે મુખ્ય ભાગ ભજવ્યો પણ નથી. એ અત્યાર સુધી અપ્રગટ રહેલાં સ્વરૂપોમાં કેટલાંક એવાં છે જેમની સન્નિધિ અતિમનસના યાને વિજ્ઞાનમય ચેતનાના સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. એમાંયે એક સ્વરૂપની સહાય સર્વથા અનિવાર્ય છે. તે સ્વરૂપ એટલે મા ભગવતીનું એક પરમ દિવ્ય પ્રેમમાંથી વહેતા ગહન અને સમર્થ આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે. એ આનંદ જ વિજ્ઞાનમય ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરો અને જડતત્ત્વનાં ઊંડામાં ઊંડાં પેટાળો વચ્ચેનું અંતર સાધી શકે તેમ છે, — એ આનંદના જ હાથમાં એક પરમ દિવ્ય જીવનની ગુપ્ત ચાવી રહેલી છે અને પોતાના ગૂઢ સ્થાનમાં રહ્યો રહ્યો એ આનંદ અત્યારે પણ વિશ્વની અન્ય શક્તિઓના કાર્યને ટેકો આપી રહેલો છે. ('મા' પુસ્તક પૃષ્ઠ ૩૭થી ૭૨)

## હું હંમેશાં હાજર હતી

મેં એક વખત જણાવ્યું હતું કે પૃથ્વીના આરંભકાળથી જ્યારે જ્યારે ચેતનાના આવિર્ભાવની શક્યતા હતી ત્યારે ત્યારે હું ત્યાં હતી. આ એક વાસ્તવિક્તા છે. એ જાણે કે સાવિત્રીની કથા જેવી વાત છે. હંમેશાં ત્યાં હતી, હંમેશાં, હંમેશાં. આ યુગમાં, પેલા યુગમાં, — અમુક સમયે એક સાથે ચાર આવિર્ભાવો હતા. ઈટાલિયન અને ફ્રેંચ પુનરુત્થાન સમયે. અને ફરી ઈશુના સમયમાં, તે વખતે પણ.... ઓહ ! તમે જાણો છે, મેં કેટકેટલી વસ્તુઓ યાદ રાખી છે ! એ બધી વાતો જણાવવા માટે ગ્રંથોના ગ્રંથોની જરૂર પડે. અને પછી, મોટે ભાગે આ કે તે જીવનમાં જેણે ભાગ લીધો હતો તે હતું પ્રાણમય સ્વરૂપનું નિશ્ચિત યોગિક રૂપ, એક રચના — બીજા શબ્દોમાં કહીએ તો કંઈક અમર સ્વરૂપ. (આ પ્રત્યેક રચનાનું સ્વતંત્ર, અમર અસ્તિત્વ હતું.) અને આ વખતે (આ જન્મમાં) હું જ્યારે આવી અને મેં યોગ કરવાની શરૂઆત કરી કે એ બધી રચનાઓ બધી દિશાઓમાંથી પાછી મારી પાસે આવી ગઈ. એ બધી રચનાઓ રાહ જ જોઈ રહી હતી. અમુક રચનાઓ માત્ર રાહ જ જોઈ રહી હતી. બાકીની કંઈક કાર્ય કરી રહી હતી. (એ સર્વે રચનાઓ પોતાનાં વ્યક્તિગત જીવનો જીવી રહી હતી) અને ફરી પાછી એ સર્વે રચનાઓ ભેગી થઈ ગઈ. મને આ બધી સ્મૃતિ છે તેનું કારણ આ જ છે. એ પ્રાણમય સ્વરૂપો

એક પછી એક આવવાં લાગ્યાં – જાણે કે પૂર ન આવ્યું હોય ! જળબંબાકાર ! એક રચનાને હું આત્મસાત કરી શકું, એને જોઈ શકું, એને સ્થાને મૂકી શકું, પૂર્ણ કરી શકું ત્યાં બીજી આવી જતી. એ રચનાઓ એકદમ સ્વતંત્ર હોય છે, – અલબત્ત, એ રચનાઓ પોતપોતાનું કાર્ય કરતી હોય છે છતાં સાથોસાથ તેઓ કેન્દ્રિત પણ હોય છે. અને એ સર્વ પ્રકારની હોય છે, તમે જેની કલ્પના કરી શકો એવી, કોઈ પણ પ્રકારની અમુક રચનાઓ તો પુરુષોમાં પણ હોય છે એવી હોય છે, માત્ર નારીજાતિની નહિ....

હું શ્રી અરવિન્દે મળી (સ્થૂળ ભૂમિકાએ) ત્યારે એ બધી રચનાઓ મારી પાસે જ આવતી રહેતી, રાત્રિ પછી રાત્રિ, એમ દરેક રાત્રે અને ક્યારેક દિવસે પણ – જથ્થાબંધ ! પછી મેં એ રચનાઓ વિશે શ્રી અરવિન્દને જણાવ્યું હતું. અને તેમણે મને સમજાવ્યું હતું કે એ એકદમ સ્વાભાવિક હતું. અલબત્ત, એ એકદમ સહજ હોય છે : અને મહાશક્તિના આ અવતાર સાથે (શ્રી માતાજી પોતાના વિશે ત્રીજા પુરુષમાં વાત કરે છે) તો જે કંઈ થોડું ઘણું પણ એની સાથે (મહાશક્તિ સાથે) સંકળાયેલું હોય તે એના કાર્યમાં ભાગ લેવા માગે જ છે. અને એ એકદમ સહજ છે. અને પ્રાણની બાબતમાં તો એ એકદમ સત્ય છે. ..... એટલે સારી એવી સંખ્યામાં પ્રાણમય સ્વરૂપો છે, દરેકની પોતાની આગવી ક્ષમતા મુજબનાં, જેમણે ઇતિહાસમાં પોતાનો ભાગ ભજવ્યો છે અને હવે પાછાં આવી રહ્યાં છે.

(The Mother : Conversations with a disciple, June 27, 1962)

*

**બાર મોતીઓનો મુકુટ**

એ હતો ઊર્ધ્વમાં, પ્રભુના પ્રદેશથી થોડો ઊર્ધ્વમાં.... ત્યાં મેડમ થેંઓએ મને ઓળખી બતાવી હતી. મારા મસ્તક પર તેમણે બાર મોતીઓની રચના નિહાળી હતી અને તેમણે મને જણાવ્યું હતું : તું 'તે' છે (દિવ્ય શક્તિ, મા ભગવતી) કારણ તારી પાસે આ છે. માત્ર મા ભગવતી પાસે જ આ હોઈ શકે ! મને એ વાતનો ખ્યાલ માત્ર ન હતો, આભાર પ્રભુનો !

(The Mother : Conversations with a disciple, May 11, 1963)

*

માહેશ્વરીનો પ્રકાશ. મને લાગે છે એ હંમેશાં મારી પાસે હતો જ. કારણ મેડમ થેંઓએ જ્યારે મને જોઈ પછી પ્રથમ જે વાત એમણે મને કહી હતી તે આ હતી; તેમણે માહેશ્વરી શબ્દપ્રયોગ કર્યો ન હતો પણ જણાવ્યું હતું : 'તારી પાસે શ્વેત પ્રકાશ છે.' એ પ્રકાશ સર્વ અશુભ સંકલ્પને આપમેળે ઓગાળી દે છે. અને મને એ વાતની અનુભૂતિ સાચોસાચ થઈ હતી. મેં સ્વરૂપોને ચૂરેચૂરા થઈ જઈને ધૂળ બની જતાં જોયાં હતાં.....

થેંઓ દંપતીને મળી તે અગાઉ હું એ પ્રકાશનો ઉપયોગ કરતી હતી. અલબત્ત મને એ વિશે

(અનુસંધાન પૃ. ૧૫)

# શ્રી માતાજી અને દેવતાઓ

## વેદોના દેવો

હું વેદો વાંચ્યે જાઉં છું અને હું એકદમ સારી રીતે જોઈ શકું છું કે એ કેટલું તો સુંદર છે. અને એ લોકો માટે તે કેટલું તો અસરકારક રહ્યું જ હશે; આ સ્તોત્રોમાં સાક્ષાત્કાર કરાવનારી કેવી તો શક્તિ રહેલી છે !

અને હું જ્યારે શ્રી અરવિન્દ સાથે અગ્નિસૂક્તોનો અનુવાદ કરી રહી હતી એ સમયે હું યાદ કરું છું ત્યારે... અગ્નિ મારે માટે કેવો તો વાસ્તવિક બની ગયો હતો.... ઠીક, ગઈકાલે એ પ્રમાણે ન હતું. અગ્નિદેવ વાસ્તવિક રૂપે ત્યાં ન હતા, એ હતી સ્વરૂપની અવસ્થા, એ હતી પરમાવસ્થા અને એ હતી ગાઢ, સ્પષ્ટ, ઉત્કટ, રોમાંચકારી અને જીવંત અવસ્થા.

(The Mother : Conversations with a disciple, April 18, 1961)

*

હું એ સર્વ દેવો, સર્વે મહાન સ્વરૂપો સાથે સંપર્કમાં છું અને મોટે ભાગે, વધુ પ્રમાણમાં તેમનું વલણ બદલાયેલું છે. અને જે પરિવર્તન પામવા માગતા નથી તેમની પણ બની રહેવાની રીત પર અસર થઈ છે.

આ પરમા મહાશક્તિના સીધા આવિર્ભાવ સાથે માનવોનો અનુભવ છેવટે એક અનુપમ અનુભૂતિ બની રહ્યો છે; જેને લઈને વૈશ્વિક ઇતિહાસને એક નૂતન પરિમાણ, અભિમુખતા પ્રાપ્ત થઈ છે. શ્રી અરવિન્દ આ વિશે જણાવે છે — વૈદિક યુગ, પરમ સાથે સંબંધ જોડવાની વૈદિક રીત અને વેદાન્તના આગમન વચ્ચેના તફાવત વિશે, ભક્તિ, આરાધના, અંતરમાં રહેલા પ્રભુ વિશે જણાવે છે.

ઠીક, પરમ સાથેના સંબંધની આ બાજુ માનવ સાથે જ માત્ર અસ્તિત્વ ધરાવતી હોય છે. પરંતુ વૈશ્વિક ઇતિહાસમાં માનવ એક વિશિષ્ટ સ્વરૂપ છે — એની અંદર દિવ્ય સંનિધિ રહેલી છે. અને પેલા મહાન દેવતાઓમાંના ઘણાએ આ જ કારણસર માનવ શરીરો ધારણ કર્યાં છે. દિવ્ય સંનિધિને અંતરમાં ધારણ કરવા માટે.

(The Mother : Conversations with a disciple, June 30, 1962)

*

## અધિમનસ સૃષ્ટિ અને નૂતન વિશ્વ

વર્ષ ૧૯૨૬માં શ્રી અરવિન્દે મને બાહ્ય કાર્યની જવાબદારી સોંપી હતી. કારણ, અતિમનસ ચેતનાના આવિર્ભાવને ઝડપી બનાવવા જરૂરી એકાગ્રતા કરવા તેઓ બાહ્ય કાર્યમાંથી નિવૃત્ત થવા માગતા હતા. ...

''અચાનક, એકાએક જ વસ્તુઓ અમુક નિશ્ચિત આકાર ધારણ કરવા લાગી હતી : એક ખૂબ જ તેજસ્વી સૃષ્ટિનું નિર્માણ (એની અદ્ભુત વિગતો સહિત) કરવામાં આવ્યું હતું. એમાં નવાઈ પમાડે એવી અનુભૂતિઓ હતી, દિવ્ય સ્વરૂપો સાથેનો સંપર્ક હતો, બધા પ્રકારના આવિર્ભાવો હતા, જેને ચમત્કારી ગણી શકાય... પછી એક દિવસ રોજની માફક હું શ્રી અરવિન્દ સમક્ષ ગઈ હતી ત્યારે જે કંઈ બની રહ્યું હતું તે અંગે મેં તેમને વાત કરી હતી... 'આપણે સાચે જ કોઈ સુંદર વસ્તુ પ્રાપ્ત કરી છે' અને જે કંઈ બન્યું હતું તેની વિગતો રજૂ કરવામાં મેં કદાચ થોડો વધુ ઉત્સાહ દર્શાવ્યો હતો. પછી શ્રી અરવિન્દ મારી તરફ જોઈને બોલ્યા હતા : 'હા, આ અધિમાનસની સૃષ્ટિ છે. એ ખૂબ જ અદ્ભુત છે અને ઘણી સારી રીતે એનું સર્જન કરવામાં આવેલું છે. તમે ચમત્કારો સર્જી શકશો. જે તમને સમગ્ર જગતમાં પ્રસિદ્ધ બનાવી દેશે, પૃથ્વી પરની ઘટનાઓને તમે ઊંધીચત્તી કરી દેવા શક્તિમાન બની શકશો...' અને પછી તેમણે સસ્મિત જણાવ્યું હતું : 'એ એક મહાન સફળતા હશે. પરંતુ એ અધિમાનસની સૃષ્ટિ છે, અને આપણે જે ઝંખીએ છીએ તે સફળતા નહિ; આપણે તો પૃથ્વી ઉપર અતિમાનસની સ્થાપના કરવા માગીએ છીએ. નૂતન સૃષ્ટિનું સર્જન કરવા માટે, સંપૂર્ણ એવી અતિમાનસ સૃષ્ટિનું નિર્માણ કરવા માટે તત્કાલીન સફળતાનો કેવી રીતે ત્યાગ કરી દેવો એ પણ આપણને આવડતું હોવું જોઈએ.'

'મારી આંતરચેતનામાં હું તરતજ વાતનો મર્મ પામી ગઈ; થોડા કલાકો બાદ એ સૃષ્ટિનું વિસર્જન કરી દેવામાં આવ્યું હતું... અને તે જ ક્ષણે અમે બીજા પાયાઓ ઉપર નૂતન શરૂઆત કરી દીધી હતી' (CWM 9 : 148-49)

## શ્રી માતાજીની પ્રાર્થના : સપ્ટેમ્બર ૩૦, ૧૯૧૪

આપણાં મા ભગવતી આપણી સાથે છે અને તેમણે અભય વચન આપ્યું છે કે આપણને સૃષ્ટિની પરમ અને પૂર્ણતમ ચેતના સાથે, અણતાગ ઊંડાણોથી માંડીને તે ઇન્દ્રિયોના બાહ્યમાં બાહ્ય જગત સુધી એકરૂપતા પ્રાપ્ત થશે. અને આ બધા પ્રદેશોમાં અગ્નિ આપણને ખાતરી આપે છે કે તેની પાવકા જ્યોતિ આપણા સહકારમાં રહેશે, આપણાં વિઘ્નોનો વિનાશ કરી દેશે, શક્તિઓ પ્રગટાવી આપશે, સંકલ્પોને પ્રેરિત કરશે અને એ રીતે સાક્ષાત્કારની ઘડીને વેગથી નજીક લાવી આપશે. આપણા સાથમાં ઇન્દ્ર છે અને તે આપણા જ્ઞાનની અંદરના પ્રકાશને પૂર્ણતાએ પહોંચાડી આપશે. અને દિવ્ય સોમે આપણને તેના પરમ આનંદોના સર્જક એવા અનંત, અદ્ભુત, સમ્રાટ પ્રેમમાં પલટાવી દીધાં છે....

ઓ દિવ્ય મધુર મૈયા, એક આનંદમય અવર્ણ્ય ઊર્મિ મારામાં પ્રગટી રહી છે, અને એ ઊર્મિ તારે ચરણે ધરી એક અસીમ વિશ્વાસપૂર્વક હું તને પ્રણામ કરું છું.

ઓ ભવ્ય અગ્નિ, તું મારામાં કેવો તો જીવંતરૂપે વસી રહ્યો છે. હું તને પુકાર કરું છું, હું તને ઉદ્બોધિત કરું છું કે તું હજી પણ વધારે જીવંતરૂપે બની રહે, તારી અંગીઠી વધારે વિશાળ બને, તારી જ્વાલાઓ વધારે શક્તિશાળી અને વધારે ઉચ્ચગામી બને, મારું આખુંયે સ્વરૂપ કેવળ

એક આતુર જલનરૂપે વિશુદ્ધિકારક ચિતારૂપે બની રહે.

ઓ ઈન્દ્ર, હું તારું સન્માન કરું છું અને તારી પ્રશંસા કરું છું, હું તને વીનવું છું કે તું મારી સાથે જોડાઈ જા, ચિત્તના સર્વ અંતરાયોને તું નિશ્ચિતરૂપે ભાંગી નાખ, તું મને દિવ્ય જ્ઞાનનો વર આપ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧ : પૃ. ૧૮૧-૮૨)

## અધિમનસના દેવો અને પરમાત્માને સમર્પણ

અધિમનસના દેવો અને દેવીઓએ હજુ સુધી પરમાત્માને સમર્પણ કર્યું નથી. કારણ, એમની પાસે પોતાની મહાન શક્તિ હોય છે અને તેઓ ઊર્ધ્વતર ચેતનામાં નિવાસ કરતાં હોય છે. શ્રી અરવિન્દ જ્યારે દેહમાં હતા ત્યારે પૂજા દિવસો દરમિયાન હું આશીર્વાદ આપતી હતી. એ દેવ-દેવીઓ આવતાં હતાં.... અને હું જ્યારે નીચે જતી હતી અને ધ્યાન કરાવતી હતી ત્યારે એ સર્વ ત્યાં ભેગાં થતાં હતાં. અલબત્ત તેઓ સ્વતંત્ર છે. દા.ત. કાલિના અનેક અંશોમાંનો એક અંશ મારી પાસે આવે છે અને માનવો જ્યારે કંઈક ખોટું કરે છે ત્યારે મને જણાવે છે. અને હું એને શાન્ત કરી દઉં છું. ગયે વર્ષે પૂજા દિવસોમાંના એક દિવસે દુર્ગાના અનેક સ્વરૂપોમાંનું એક મારી પાસે આવ્યું હતું. દુર્ગાનું એ સ્વરૂપ અદ્‌ભુત હતું. મેં એને પરમાત્માને સમર્પણ કરવા જણાવ્યું હતું. અને એણે કહ્યું : 'તમે મને આમ જણાવો એવું હું ઇચ્છતી હતી. હું તૈયાર છું.' એ સ્વરૂપ સાચે જ અદ્‌ભુત હતું. વર્ષ ૧૯૬૦માં અતિમાનસ આવિર્ભાવની સંવત્સરીના દિવસની આગલી રાત્રે કૃષ્ણ મારી પાસે આવ્યા હતા અને મને જણાવ્યું હતું. 'આવતી કાલનો સંદેશ હું વહેંચીશ.' અને બીજે દિવસે હું જ્યારે નીચે ગઈ ત્યારે કૃષ્ણ મારા ખોળામાં બેસી ગયા હતા અને લોકોને આશીર્વાદ આપવા લાગ્યા હતા. કૃષ્ણને એમ કરતા જોવા તે ખરેખર રમૂજી હતું.... તો જુઓ, આ બધા દેવો એ સ્વતંત્ર છે અને એમની પોતાની શક્તિઓ હોય છે. અને તેમને જે ગમે તે કરવા તેઓ મુક્ત છે.

હું જ્યારે અન્ય ઘરમાં રહેતી હતી (અહીં નહિ) તે વખતે હું શિવજી સાથે ખૂબ આસક્ત હતી. મેં એમને પૃથ્વી ઉપર પ્રકટ થવા જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું : 'ના, હું એમ નહિ કરું. પૃથ્વી ઉપર અતિમાનવજાતિ આવી ગઈ હશે ત્યારે જ હું આવીશ.'

અને મારે પછી કંઈ કહેવાનું રહ્યું ન હતું. શિવજી સ્વતંત્ર છે. મેં પૃથ્વી ઉપર જન્મ ધારણ કર્યો ત્યારથી આ બધા દેવો અને દેવીઓ સતત મારી સાથે જ છે. અગાઉ હું જ્યારે વરંડામાં ચાલવા જતી હતી ત્યારે કૃષ્ણ મારી સાથે ચાલવા આવતા હતા. નૂતન સર્જનમાં, અતિમનસના નૂતન વિશ્વમાં દેવો અને દેવીઓ માનવોને મદદ કરશે તે હું જાણું છું.

(Mother You Said So : 25-2-66)

## દુર્ગાનું પરમાત્માને સમર્પણ

શ્રી અરવિન્દ અહીં હતા તે સમગ્ર સમય દરમિયાન શ્રી માતાજીનાં ચાર વ્યક્તિ સ્વરૂપો હંમેશાં હાજર હતાં....

મેં તમને ક્યારેય આ વાત કરી છે ખરી ? ગયે વખતે હું પૂજા માટે નીચે ગઈ હતી.... હા, એ ગયા વર્ષનું આગળનું વર્ષ હતું, વર્ષ ૧૯૬૦, સંવત્સરી (અતિમનસ અવતરણની પ્રથમ સંવત્સરી, ૨૯.૦૨.૧૯૬૦) (પ્રતિવર્ષ દુર્ગા, દુર્ગાપૂજાના દિવસો અગાઉ, બે-ત્રણ દિવસ પહેલાં આવતાં હતાં.) વર્ષ ૧૯૬૦માં પ્રતિવર્ષ મુજબ હું ટહેલતી હતી અને તેઓ આવ્યાં. અને તે સમયે દુર્ગાએ પરમાત્માને પોતાનું સમર્પણ કર્યું હતું.... એ બધી દિવ્યતાઓમાં સમર્પણની ભાવના હોતી નથી. દુર્ગા અને ગ્રીક દેવતાઓ જેવી દિવ્યતાઓ (ગ્રીક દેવતાઓ જોકે હવે જીવંત કે પ્રચલિત રહ્યા નથી પણ ભારતના દેવો તો એકદમ જીવંત અને પ્રચલિત છે.) હા, તો એ દિવ્યતાઓ હોય છે શાશ્વત એવા તત્ત્વનું મૂર્ત સ્વરૂપ. તમે એમ કહી શકો કે શાશ્વતીનું સ્થાનિક સ્વરૂપ — પરંતુ પરમાત્માને સમર્પણ કરવાની ભાવનાનો એ દિવ્યતાઓમાં અભાવ હોય છે. અને હું ટહેલી રહી હતી ત્યારે દુર્ગા ત્યાં હાજર હતાં — ખરેખર દુર્ગા અતિ સુંદર હતાં, પોતાની આદરયુક્ત ભય ઉપજાવતી શક્તિ સહિત, જે શક્તિ સદાને માટે વિરોધી બળોને ઘૂંટણિયે પાડી દેતી, હરાવી દેતી હોય છે. — અને દુર્ગાએ તે દિવસે પરમાત્માને સમર્પણ કરી દીધું હતું, એટલી હદે કે પછી વિરોધી બળોને ઓળખી બતાવવાનું પણ એમણે બંધ કરી દીધું હતું. **સર્વ કંઈ પરમ તત્ત્વ જ હતું.** All is the Supreme. એ જાણે કે એમની ચેતનાના વિસ્તરણ સમાન ક્રિયા હતી.

(The Mother : Conversations with a disciple, June 27, 1962)

*

## દેવોની વિધિસરની મુલાકાતો

હું એ દિવસોની યાદ કરું છું જ્યારે શ્રી અરવિન્દ અહીં હતા અને હું નીચે હોલમાં ભેગા થયેલા લોકોને ધ્યાન કરાવવા નીચે જતી હતી. ત્યાં હોલમાં થાંભલાઓ પર અભરાઈ છે જ્યાં સર્વ દેવતાઓ આવીને બેસતા હતા — શિવજી, કૃષ્ણ, લક્ષ્મી, ત્રિમૂર્તિ — સર્વ દેવતાઓ, નાના, મોટા સર્વ કોઈ નિયમિત રીતે આવતા હતા. રોજ તેઓ સર્વ ધ્યાન કરવા આવતા હતા. એ સુંદર દૃશ્ય હતું. પરંતુ એ દેવતાઓને પરમાત્મા માટે આરાધનાનો ભાવ, પૂજ્યભાવ ન હતો. આ ખ્યાલ (પરમાત્માની આરાધનાનો) ની એમને જરૂર જ ન હતી. પ્રત્યેક દેવ પોતાની રીતે પોતાની શાશ્વત દિવ્યતા પ્રતિ પૂરેપૂરા સભાન હતા. અને એ પ્રત્યેક એવું સમજતા હતા કે પોતે બાકીના સર્વનું પ્રતિનિધિત્વ કરી શકે છે. એ સર્વને એમ લાગતું હતું કે તેઓ એક પ્રકારની બિરાદરી છે; પરંતુ ચૈતસિક જીવન જે સદ્‌ગુણો અર્પે છે તેમાંનો કોઈ સદ્‌ગુણ એમની પાસે હતો નહિ — ગાઢ પ્રેમ નહિ, એકતાની ભાવના નહિ.

(The Mother : Conversations with a disciple, August 2, 1961)

*

## માતાજીનો બાળક ગણેશ

જુઓ, એ આ રીતે બન્યું હતું : આ ગણેશ જે છે....

હાલ જે કક્ષમાં 'Prosperity' (આશ્રમવાસીઓની જીવન જરૂરિયાતોની વસ્તુઓ) વહેંચવામાં આવે છે ત્યાં અમે ધ્યાનનો કાર્યક્રમ રાખ્યો હતો. મને લાગે છે, અમે ૮કે ૧૦ વ્યક્તિઓ હતી. અમે પુષ્પોની મદદથી વાક્યો બનાવતાં હતાં. હું પુષ્પો ગોઠવતી હતી અને દરેક વ્યક્તિ એ પુષ્પો જે ક્રમમાં ગોઠવાયેલાં હોય એ મુજબ એના પરથી એક વાક્યરચના કરતી હતી. અને એક દિવસ અમે સંપત્તિ અને સમૃદ્ધિ વિષય પર વાત કરી રહ્યાં હતાં ત્યારે મને વિચાર આવ્યો હતો કે લોકો હંમેશાં જણાવે છે કે ગણેશ એ પૈસા, ભાગ્ય તેમ જ વિશ્વની સંપત્તિના દેવ છે. મેં વિચાર્યું 'શું આ હાથીની સૂંઢ સહિતના દેવની કથાઓ તે માત્ર માનવીય કલ્પનાઓ નથી ? અમે એ વિષય ઉપર ધ્યાન કર્યું હતું. અને મારી સમક્ષ પ્રત્યક્ષ થઈને કોણ ઊભું હતું ? એક જીવંત સ્વરૂપ, સંપૂર્ણપણે સભાન અને તેજસ્વી, લાંબી સૂંઢ વાળું.... અને સ્મિતસભર. અને મારી ધ્યાનાવસ્થામાં જ મેં જણાવ્યું હતું : 'આહ ! તમારું અસ્તિત્વ છે, એ સાચી વાત છે.' 'અલબત્ત, હું અસ્તિત્વ ધરાવું છું.' અને તમારી જે ઇચ્છા હોય તે તમે મારી પાસે માગી શકો છો, અલબત્ત પૈસા, સંપત્તિ, સમૃદ્ધિ વિશેની તમારી માગણીને હું પૂરી કરીશ !'

અને મેં માગણી મૂકી. અને દશ વર્ષ સુધી સમૃદ્ધિ રેલાતી રહી. (માતાજી ધોધ દર્શાવે છે) એ અવિશ્વસનીય હતું.

(The Mother : Conversations with a disciple, June 22, 1958)

卐

(અનુસંધાન પૃ. ૧૦નું ચાલુ)

કશી માહિતી ન હતી, કંઈ જ નહિ પરંતુ હું એ જોઈ શકતી હતી. એ તો મૅડમ થેંઓએ મને જણાવ્યું હતું કે 'એ તારો પ્રકાશ છે.' હું શું છું તે વિશે મને જણાવનાર મેડમ થેંઓ પ્રથમ હતાં. તેમણે મારા મસ્તક ઉપર બાર મોતી વાળો મુકુટ નિહાળ્યો હતો. મારી વાત કરું તો મને એની અનુભૂતિ થઈ હતી, તે પછી હું એ પ્રકાશનો ઉપયોગ મારા સંકલ્પ મુજબ કરતી હતી : મારે એને હાજર થવા માત્ર ફરમાન કરવાનું રહેતું. અને જે રીતે હું તમને જોઈ રહી છું, એ મુજબ એને પ્રત્યક્ષ જોઈ શકતી હતી. વાસ્તવિક રૂપે જોઈ શકતી હતી.

(The Mother : Conversations with a disciple, July 10, 1965)

# દેવો : રૂપ અને કર્તવ્ય

## અતિમનસ અને વૈશ્વિક દેવોનું વિશ્વ

શ્રી અરવિન્દનું કાર્ય એક અદ્વિતીય પાર્થિવ રૂપાંતરનું કાર્ય છે.

મનથી ઉપર જાગ્રત સત્‌તાના ઘણા સ્તરો છે. એ સૌમાં શ્રી અરવિન્દ જેને અતિમનસ્ કહે છે તે સાચે જ દિવ્ય જગત છે, એ સત્યનું જગત છે. પરંતુ એની વચ્ચે તેમણે જેને અધિમનસ્ કહ્યું છે. એ વૈશ્વિક દેવોનું જગત છે. આપણા જગત પર અત્યાર લગી જેનું શાસન ચાલ્યું આવે છે, તે આ અધિમનસ્ છે. મનુષ્યે પોતાની પ્રકાશિત ચેતનામાં જે સિદ્ધ કર્યું છે તેમાં સૌથી ઊંચું આ છે. એને અત્યાર લગી પરમ દિવ્ય માનવામાં આવ્યું છે અને જેઓ ત્યાં પહોંચ્યા છે તેઓ એક પળ પણ શંકા ધરાવતા નથી કે સાચેસાચ તે પરમાત્મા છે. કારણ કે, સામાન્ય માનવીની ચેતનાને માટે એનું ગૌરવ એટલું મહાન છે કે તે ચોક્કસપણે ચક્તિ થઈને માનતો થઈ જાય છે કે આ જ આખરે એક ઊંચામાં ઊંચી વાસ્તવિકતા છે. અને તેમ છતાં સાચી વાત એ છે કે અધિમનસ્ સાચી દિવ્યતા કરતાં ઘણી નીચી કક્ષાએ આવેલું છે. સત્યનું તે પ્રમાણભૂત રહેઠાણ નથી. ઇતિહાસની શરૂઆતથી મનુષ્યો જેમને નમતા આવ્યા છે તે સર્જક શક્તિઓ અને દેવીઓનો, અધિષ્ઠાત્રીઓનો જ માત્ર એ લોક છે. અને શા માટે સાચા દિવ્યે પ્રગટ થઈને આ પૃથ્વીની પ્રકૃતિનું રૂપાંતર કર્યું નથી તેનું ખરેખરું કારણ એ છે કે અધિમનસ્‌ને અતિમનસ્ માની લેવામાં આવ્યું છે. વૈશ્વિક દેવો સંપૂર્ણપણે ઋતચેતનામાં રહેતા નથી; તેઓ માત્ર તેમના સંપર્કમાં હોય છે. તેમાંનો પ્રત્યેક તેની ભવ્યતાઓનું એક પાસું પ્રદર્શિત કરતો હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૧૮૭)

## દેવદૂતો અને રૂપ ઘડનારાઓ

આપણે જેને દેવલોક કહીએ છીએ તે ભૂમિકાની કેટલીક સત્તાઓ સાથે જોન ઑફ આર્ક દેખીતી રીતે સંબંધમાં હતી, (અથવા તો રોમન કૅથોલિક લોકો જેને સંતોની સૃષ્ટિ કહે છે તેની જોડે તે સંબંધમાં હતી. જો કે એ બંને એક નથી.) જે સ્વરૂપોને તે જોતી હતી તેમને તે આર્કેન્જલ — મુખ્ય દેવદૂત — કહેતી હતી, એ સ્વરૂપો વિજ્ઞાન અને ઊર્ધ્વ માનવ (Highermind) એ બેની વચ્ચે આવેલી અધિમાનસની અંતરાળ સૃષ્ટિમાં રહે છે. એ સ્રષ્ટાઓનું, રૂપના ઘડનારાઓનું જગત છે.

જે બે સ્વરૂપો જોન ઑફ આર્કને સતત દર્શન આપતાં હતાં તથા તેની સાથે વાર્તાલાપ કરતાં હતાં તે કોઈ હિંદુને દેખાત તો તેનું સ્વરૂપ તદ્દન જુદું જ હોત. કારણ કે માણસ જ્યારે કોઈ પણ સ્વરૂપનું દર્શન કરે છે ત્યારે પોતાના જ મનમાં રૂપોને તે પ્રક્ષિપ્ત કરે છે. તમે જે જુઓ છો તેને તમે જે જોવાની આશા રાખતા હો છો તેનું જ રૂપ આપો છો. ખ્રિસ્તી, બુદ્ધ, હિંદુ અને શિન્ટો જેવા જુદા જુદા ધાર્મિક મતના લોકોના બનેલા ટોળામાં એક જ સ્વરૂપ એકી વખતે દેખા

દે, તો તેને તદ્દન જુદેજુદાં નામ આપવામાં આવે એ નક્કી છે. તે સ્વરૂપના દેખાવ વિશે દરેક માણસ 'તે આવું છે' 'તેવું છે' એ પ્રમાણે કહેશે, અને દરેક માણસ બીજાથી જુદો પડશે છતાં તે આવિર્ભાવ તો એક જ સત્તાનો હોય છે. હિંદુસ્તાનમાં તમે જેને 'પરાશક્તિ', 'મહાશક્તિ', 'દિવ્ય માતા' કહો છો, રોમન કૅથોલિકો તેને જ 'કુમારિકા મૅરી' કહે છે. જાપાનીઝ લોકો તેને 'કૅવોનોન' 'દયાની દેવી' કહે છે. અને બીજા લોકો કદાચ બીજાં નામ પણ આપે. તે શક્તિ એક છે. પરંતુ જુદા જુદા ધર્મમાં તેનું જે વર્ણન કરવામાં આવે છે તે જુદું જુદું હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૨૦-૨૧)

## દેવ અને અસુર

પ્રભુ અને રાક્ષસ, દેવ અને અસુર, એમના જુદાપણામાં અલબત્ત, નજદીકી સગાઈ ધરાવે છે. ઉત્ક્રાંતિમાં બંનેમાંથી કોઈને પણ બાકાત રાખી શકાતા નથી. અને છતાં બંને એક અસ્તિત્વ તથા એક પ્રકૃતિના ઉત્તર-દક્ષિણ ધ્રુવ ઉપર રહેતા હોય છે. બેમાંના એક (દેવ) પ્રકાશ અને અનંતતામાંથી ઊતરી આવે છે અને લીલાથી સંતુષ્ટ હોય છે. અન્ય (અસુર) અસ્પષ્ટતામાંથી, સંદિગ્ધતામાંથી આરોહણ કરે છે અને આ સંઘર્ષ પ્રતિ ગુસ્સાની લાગણી ધરાવે છે. પ્રભુનાં સર્વ કાર્યો સાર્વત્રિકતામાંથી ઉત્પન્ન થાય છે અને સાર્વત્રિક્તા પ્રતિ જ વળે છે. પ્રભુનો જન્મ વિજયશાળી સંવાદિતામાંથી થયો હતો. એમના ગુણો શુદ્ધ અને કૃપાળ હસ્તોમાં જોડાય છે અને સહજ રીતે પોતાને આનંદપૂર્વક સાંકળે છે, વૃન્દાવનની રાસ માફક. જે રાસને પૂર્ણ વર્તુળમાં જકડી રાખે છે દિવ્ય કૃષ્ણ. પ્રભુભાવમાં ઉત્ક્રાંત થવું એટલે સુખી સ્વામીત્વ ભાવમાં અંતઃપ્રેરણા, પ્રકાશ, સુખ અને પ્રેમમાં વિકાસ પામવો. નિયમ મુજબ સેવા કરવી અને સેવાભાવથી શાસન કરવું. સાહસિક, ચપળ અને વ્યથા પામ્યા વગર કે દુષ્ટભાવના વગર ઉગ્રાવેશી બનવું. અને નરમ, દયાળુ તથા વિલાસી બનવું. તે પણ નબળાઈ, દુર્ગુણ અને બેદરકારી વગર. પોતાની અંદર, અંતરમાં તેજસ્વી અને સુખી સમગ્રની રચના કરવી અને માનવજાતિ તેમ જ સર્વ પ્રાણીઓ પ્રતિ સહાનુભૂતિ રાખવી. અને છેવટે વિશાળ બિનંગત વ્યક્તિતા ઉત્ક્રાન્ત કરવી તથા સહાનુભૂતિને વિશ્વ-એકતાની સતત અનુભૂતિમાં ઉપર ઉઠાવવી.

(CWSA 13 : 152)

## દેવ અને આસુરી પ્રકૃતિ

દૈવી પ્રકૃતિમાં સત્ત્વગુણપ્રધાન ટેવોનો અને શક્તિઓનો ઉત્કર્ષ હોય છે : એમાં આત્મસંયમ, સ્વાર્થત્યાગ, ધાર્મિકતા, શૌચ, ઉદારતા, ઋજુતા, સર્વભૂતો પ્રત્યે દયા, મૃદુતા, નમ્રતા, ક્ષમા, ધૈર્ય, ખંતીલાપણું હોય છે, સર્વ પ્રકારની અશાંતિથી, ફૂલણજીપણાથી, અતિચપલતાથી અને અસામંજસ્યથી ઊંડી, મધુર અને ગંભીર મુક્તિ તેણે પ્રાપ્ત કરી હોય છે. આસુરી ગુણો જેવા કે ક્રોધ, લોભ, દંભ, દ્રોહ, પુરુષતા — ઈરાદાપૂર્વક અન્યને હાનિ, અભિમાન, દર્પ અને અતિશય આત્મસન્માન વગેરેને દૈવી સંપત્તિના બંધારણમાં સ્થાન હોતું નથી, પરંતુ એના નમ્રતા, આત્મોત્સર્ગ અને આત્મસંયમના ગુણો સર્વ પ્રકારની નિર્બળતાથી પણ મુક્ત હોય છે.

એનામાં શક્તિ અને તેજ, એટલે આધ્યાત્મિક સામર્થ્ય, ધૃતિ એટલે દૃઢ સંકલ્પ, સત્ય ધર્મ અને સત્ય તથા તેની નિર્દોષતા — અહિંસાપૂર્વક જીવન ગાળવાની નિર્ભયતા હોય છે — तेजः अभयं धृतिः अहिंसा अने सत्यम् (૧૬.૩) તેનામાં હોય છે. એની સમસ્ત સત્-તા, એની સમગ્ર પ્રકૃતિ સમગ્રપણે વિશુદ્ધ હોય છે. એનામાં જ્ઞાન માટે જિજ્ઞાસા તથા જ્ઞાનમાં સ્થિર સ્થિતિ હોય છે. દૈવી પ્રકૃતિવાળા માણસની આ સંપત્તિ હોય છે.

આસુરી પ્રકૃતિને પણ એની પોતાની સંપત્તિ હોય છે. એનામાં પણ સામર્થ્યની સંપત્તિ હોય છે પણ તે જુદા પ્રકારનું, હાનિ કરનારું સામર્થ્ય હોય છે. આસુરી પ્રકૃતિવાળા માણસને કર્મ કરવાની સાચી રીતનું જ્ઞાન હોતું નથી, અથવા તો, કર્મમાંથી વિરત થવાનું, પ્રકૃતિને ચરિતાર્થ કરવાનું કે સંયમપૂર્વક અથવા સંયમ વડે તેને પાછળ ખેંચી રાખવાનું જ્ઞાન હોતું નથી. એમનામાં આચાર-શુદ્ધ શાસ્ત્રપૂત ક્રિયા, કે શ્રદ્ધાયુક્ત વિધિપાલન હોતું નથી. એમને મન આ જગત પોતાની જાતને સંપુષ્ટ કરવાનું મહાન ક્ષેત્ર હોય છે. એમના જગતનું કારણ અને બીજ, એની સંચાલક શકિત અને નિયમ કામના હોય છે. એમને મન આ જગત એક અકસ્માત, યથાર્થ સંબંધો અને કર્મની સાંકળ વગરનું, — કોઈ પણ સત્ય કે પ્રતિષ્ઠા વિનાનું હોય છે. એમની પાસે બુદ્ધિની કે ધર્મની ગમે તેવી માન્યતાઓ હોય, પરંતુ વ્યવહારમાં મન અને સંકલ્પની આ એક જ સાચી માન્યતા હોય છે. એવા લોકો કામના અને અહંનો માર્ગ અનુસરતા હોય છે. ખરું જોતાં, જીવનને એ રીતે જોવાની દૃષ્ટિના ઉપર એમનો આધાર હોય છે અને એમાં રહેલા અસત્યને લઈને તેઓ પોતાના આત્માનો અને બુદ્ધિનો વિનાશ કરે છે. આસુરી પ્રકૃતિનો માણસ ઉગ્ર હિંસક કર્મનું કરણ કે કેન્દ્ર હોય છે, જગતમાં તે વિનાશની શક્તિરૂપ થાય છે, હાનિ અને અનિષ્ટનું મૂળ બને છે. દર્પવાળા, આત્મગૌરવ અને અભિમાનના નશામાં ચકચૂર એવા ઊંધે રસ્તે ચડેલા એ લોકો મોહમાં સપડાયેલા હોય છે, પોતાના અશુભ અને અસત્ય ઉદ્દેશો સાધવામાં દુરાગ્રહી હોય છે અને પોતાની કામના સંતોષવાના દૃઢ અને અશુદ્ધ સંકલ્પને તેઓ અનુસરતા હોય છે. એવા લોકો કામનાઓના ઉપભોગને જ જીવનનો પરમ અને સમગ્ર ઉદ્દેશ માનતા હોય છે અને એ કદી ન છિપાવી શકાય એવી કામનાનું અનુસરણ કરતાં સર્વનું ભક્ષણ કરી જનારી એવી ચિંતા અને પ્રયત્ન કરવામાં મરણની ઘડી સુધી સતત રચ્યાપચ્યા રહે છે. સેંકડો આશાઓના બંધનથી બંધાયેલા, કામક્રોધથી પૂરેપૂરા આવિષ્ટ, જેમના વડે પોતાની વાસનાના ભોગો અને સંતોષો મેળવી શકાય એવા અન્યાયથી પ્રાપ્ત કરેલા લાભો મેળવવામાં સતત ગુંથાયેલા હોઈ તેઓ હંમેશાં એમ ધારતા હોય છે : ''આજે કામનાનો આ પદાર્થ મેં મેળવ્યો છે, આવતી કાલે બીજો પણ મેળવીશ, આજે મારી પાસે આટલું ધન છે, કાલે એનાથી વધારે મળશે. (ગીતાનિબંધો : પૃ. ૫૬૧-૬૨)

## પ્રાણમય વિશ્વોનાં આંખ આંજી નાખતાં સ્વરૂપો

શ્રી અરવિન્દ હંમેશાં એમ કહેતા કે બીજા યોગોનો જ્યાં અંત આવે છે ત્યાંથી એમનો યોગ શરૂ થાય છે અને એમના યોગમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે સૌ કોઈએ ભૂતકાળના યોગો જે ચરમ બિંદુ સુધી પહોંચ્યા હતા ત્યાં સુધી તો પહોંચવું જ જોઈએ, એટલે કે, પ્રભુનો અનુભવ થવો,

તેમની સાથે અદ્વૈત પ્રાપ્ત થવું, તાદાત્મ્ય થવું એ બધું સિદ્ધ થઈ જવું જોઈએ. પરંતુ શ્રી અરવિન્દ કહે છે કે એ પ્રભુ તો અધિમનસના પ્રભુ છે, પણ એમના વિશે વિચાર કરવો એ પણ માનવ ચેતનાને માટે તો કોઈ તદ્દન સમજમાં ન આવે એવી વસ્તુ છે કારણ કે એટલે સુધી પહોંચવા માટે તમારે અનેક ભૂમિકાઓમાં થઈને પસાર થવું પડે છે અને એ ભૂમિકાઓમાં તમે ઝંખાવાઈ જાઓ છો.

પ્રાણમય ભૂમિકાનાં એવાં સત્ત્વો છે, જેઓ જો માણસની નજરે પડે (અથવા વસ્તુઓને સ્પષ્ટ રીતે કહીએ તો જ્યારે જ્યારે તેઓ મનુષ્યો આગળ દૃષ્ટિગોચર થયાં) છે ત્યારે મનુષ્યો એમને પરમેશ્વર માની લે છે – આ પ્રાણમય સત્ત્વોની વાત છે ! તમને ઠીક લાગે તો તમે કહી શકો કે એ સત્ત્વો છદ્મવેશે આવતાં હશે, પણ એ એક ખૂબ સફળ રીતે કરવામાં આવતો છદ્મવેશ હોય છે, કારણ કે જે કોઈ લોકો એમની પ્રત્યે જુએ છે તેમને ખાતરી થઈ જાય છે કે તેમણે પરમેશ્વરનાં દર્શન કર્યાં છે. અને છતાં, એ બધાં પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વો હોય છે. અને આ અધિમાનસ ભૂમિકાનાં સત્ત્વો, આ અધિમાનસ દેવો તો આપણી માનવજાતિ કરતાં ભારે શક્તિશાળી સ્વરૂપો હોય છે. જ્યારે મનુષ્યોને એમની સાથે સંબંધ થાય છે ત્યારે ખરેખર એ લોકો 'આકુળ-વ્યાકુળ' થઈ જાય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૪૦૬-૦૭)

## નૂતન પ્રકટીકરણ

દરેક વખતે જ્યારે સમગ્ર સંયોગીકરણોમાં એક નવીન તત્ત્વ ઉમેરાય છે ત્યારે તે તેમની મર્યાદાને ચીરી નાખે છે. જૂની મર્યાદાઓ અદૃશ્ય થઈ જાય છે અને જૂની શક્યતાઓમાં અનંતગણી નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે. એટલે તમે એવું જગત જુઓ છો કે જેમાં પ્રાચીન જ્ઞાન અનુસાર બાર ઊંડાણો અથવા ક્રમિક માપો હતાં. એ બાર માપોમાં ઓચિંતા નવીન માપો આવી પડે છે. એટલે પછી જૂની ફોર્મ્યુલાઓ તરત પરિવર્તિત થઈ જાય છે અને જૂના પ્રગટીકરણની સમગ્ર શક્યતામાં નવીન શક્યતાઓનો ઉમેરો થાય છે. અને આ નવીન તર્કની આગળ પહેલાંનો સર્વ તર્ક અતાર્કિક બની જાય છે.....

તદ્દન મર્યાદિત અને બાહ્ય દૃષ્ટિબિંદુથી હું હવે અમુક એવી વસ્તુઓ વિશે વાત કરીશ, કે જે મારી અનુભૂતિમાં નથી આવી, પણ જેમને વિશે મેં સાંભળ્યું છે. દા.ત. પ્રતિભાશાળી બાળકોની સંખ્યા વધી છે. હું એવા કોઈ બાળકને મળી નથી, એટલે તેમાં શું અસાધારણ અથવા અદ્‌ભુત પ્રતિભા શી છે તેને વિશે હું તમને કહી નહિ શકું. છતાં પણ એમ સાંભળવા મળ્યું છે કે સ્પષ્ટ રીતે એવી કેટલીક નવીન ટાઇપો છે, માનવ ચેતનાને આશ્ચર્યકારક લાગે છે. શું બની રહ્યું છે તે જાણવા માટે આપણે આવા દાખલાઓ જાણવા જોઈએ, એમ મને લાગે છે. એવી વસ્તુઓ અત્યારે બની રહી છે, જેમનું અવલોકન કરવાની આપણને ટેવ નથી. પણ એ સમજાવવાનો — તેમનો અર્થ શોધી કાઢવાનો સવાલ છે. મેં જે હમણાં કહી તે એક જ વાતની મને ખાતરી છે કે વિશ્વમાંનાં શક્ય સંયોગીકરણોની ગુણવત્તા, સંખ્યા, અને સ્વભાવ ઓચિંતા એટલાં બધાં પરિવર્તિત થઈ જવાનાં છે કે શોધ કરનાર લોકોને તે ખૂબ ગૂંચવાડામાં મૂકી દે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ : ૨૯૩-૯૫)

## આગનું સત્ત્વ

મેં એક આગના સત્ત્વને ખાસ કરીને જાપાનમાં જોયેલું. કારણ કે એ દેશમાં આગ લાગવી એ એક અસાધારણ બનાવ હોય છે. જ્યારે કોઈ આગ લાગે છે ત્યારે લગભગ ચોથા ભાગનું ગામ, લગભગ એંશી જેટલાં મકાન સળગી જાય છે. આ એક તદ્દન અચંબો પમાડે તેવી વસ્તુ હોય છે. ત્યાંનાં મકાનો લાકડાનાં હોય છે. એટલે દીવાસળીની પેટીની માફક સળગી જાય છે. તમે કોઈ દિવસ કોઈ દીવાસળીની પેટીને સળગી જતી જોઈ છે કે નહિ ? એક ભડકો થાય છે ! એમ, એક ઝબકારો ! અને મારી નજર સમક્ષ એક, બે, ત્રણ, દસ, વીસ મકાનો બળીને ખાક થઈ જતાં મેં જોયેલાં. એટલે આગનાં પણ સત્ત્વો હોય છે. એક દિવસ હું મારી પથારીમાં સૂતી હતી. હું એકાગ્રતા કરતી કરતી લોકોને જોતી હતી. અચાનક મેં એક આગના વાદળ જેવી વસ્તુને એ મકાન પાસે આવતી જોઈ. મેં જોયું અને મને ખબર પડી કે એ સચેતન સ્વરૂપ હતું.

— અરે! અહીં કેમ આવ્યો છે ?

— મને આ ઘરને આગ લગાડવાનો હક્ક છે, હું આગ ચાંપવાનો.

— શક્ય છે, મેં એને કહ્યું, પણ અહીં નહિ.

એ એનો વિરોધ ન કરી શક્યો.

આવી બાબતોમાં ( — પ્રશ્ન એ હોય છે કે કોણ વધુ બળવાન છે) મેં એને કહ્યું કે, 'ના, તું અહીં આગ નહિ લગાડી શકે, બસ !'

## મૃત્યુનું સત્ત્વ

**બાળક :** એમ કહેવાય છે કે મૃત્યુનો પણ એક દેવ છે. શું એ સાચું હશે ?

**શ્રી માતાજી :** હા, હું એને મૃત્યુનો આત્મા કહું છું, હું એને સારી પેઠે ઓળખું છું, અને એ એક અદ્‌ભુત વ્યવસ્થા છે. તમને ખબર નહિ હોય કે એ વ્યવસ્થાતંત્ર કેટલું બધું વ્યવસ્થિત છે.

હું માનું છું કે મૃત્યુના ઘણા આત્માઓ (સત્ત્વો) હશે, મને લાગે છે કે લોકો સેંકડોની સંખ્યામાં હશે. હું એમાંના બેને મળેલી. એકને હું ફ્રાન્સમાં મળેલી અને બીજાને જાપાનમાં. અને એ બંને ખૂબ જુદા પ્રકારના હતા; એના ઉપરથી આપણને એમ માનવાનું મન થાય છે કે દરેક દેશની સંસ્કૃતિ, કેળવણી અને માન્યતાઓ અનુસાર એ આત્માઓ (સત્ત્વો) અલગ પ્રકારના હશે. પરંતુ એમ તો, પ્રકૃતિના દરેક આવિર્ભાવના આત્માઓ અથવા સત્ત્વો હોય છે : અગ્નિ, હવા, પાણી, વરસાદ, પવન અને મૃત્યુનું પણ એક સત્ત્વ હોય છે.

મૃત્યુના દરેક આત્માને (સત્ત્વને) એ ગમે તે હોય તોપણ, એક દિવસમાં અમુક સંખ્યામાં જીવ લેવાનો હક્ક હોય છે. ખરે જ એ એક અદ્‌ભુત વ્યવસ્થિત તંત્ર છે; એ પ્રકૃતિનાં બળો અને પ્રાણમય શક્તિઓનું મિત્રમંડળ છે. ઉદાહરણ તરીકે, જો મૃત્યુના આત્માએ નિર્ણય કર્યો હશે કે, 'આજે મારે આટલા માણસોના પ્રાણ લેવાના છે.' માનો કે ચાર, પાંચ કે છ; એક કે પછી વધારે માણસો, એનો આધાર કયો દિવસ છે એના ઉપર હોય છે; અને એણે નક્કી કર્યું હોય કે આટલા

માણસો મરશે, તો એ હક્કપૂર્વક જે મનુષ્ય મરવાની તૈયારીમાં હોય છે તેની પાસે જઈને બેસે છે. પરંતુ જો તમે સભાન હશો (પેલી મરણાસન્ન વ્યક્તિ નહિ), જો તમે એ મૃત્યુના આત્માને (સત્ત્વને) મરણાસન્ન વ્યક્તિ તરફ જતો જુઓ, અને તમારી એવી ઇચ્છા હોય કે એ વ્યક્તિ ન મરે; અને જો તમારાથી એમ કરવું શક્ય હોય, એટલે કે તમારામાં અમુક ગુહ્ય શક્તિ હોય તો તેને કહો : 'ના, હું એ જીવને લઈ જવાની તને મનાઈ કરું છું.' એ એક એવી વસ્તુ છે જે એક વાર નહિ, અનેક વાર બનેલી છે, જાપાનમાં અને અહીં પણ, એમાં મૃત્યુનો આત્મા એનો એ જ ન હતો. એના ઉપરથી હું કહેવા પ્રેરાઉં છું કે એવાં ઘણાં સત્ત્વો હશે.

— હું એને મરવા દેવા માગતી નથી.

— પણ મને એક જણને મારવાનો હક્ક છે.

— તો જા, બીજે કંઈ જઈને એમ કર.

તમારામાં એ સત્ત્વને ભગાડી મૂકવાની શક્તિ હશે તો એને કહી શકશો કે, 'હું તને આ માણસને લઈ જવાની મના કરું છું,' તો એ સત્ત્વને ચાલ્યા જવા સિવાય બીજો કોઈ ઇલાજ નહિ રહે, પણ એ એનું લેણું વસૂલ કર્યા વિના રહેતો નથી અને બીજે ઠેકાણે જાય છે અને ત્યાં એક વ્યક્તિ મરણ પામે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : પૃ. ૨૩૭-૩૮ અને પૃ. ૨૩૬-૩૭)

**પ્રશ્ન :** આપણે મૃત્યુને દેવ શા માટે કહીએ છીએ ? જુઠાણાના દેવની માફક મૃત્યુ શું અસુર નથી ?

**ઉત્તર :** માનવની ચેતનામાં એ દેવ બની બેઠો છે અને એટલે જ એનું રૂપાંતર કરવું મુશ્કેલ છે.

(CWM 15 : 123)

## શ્રી માતાજી અને બિલાડાઓનું વિશ્વ

મારી પાસે એક સમયે બિલાડો હતો, એની ચેતના લગભગ બાળક ચેતના હતી. એ બિલાડાને કોઈકે ઝેર પીવડાવી દીધું હતું. અને એ જ્યારે મરણતોલ અવસ્થામાં મારી પાસે આવ્યો હતો ત્યારે સર્વ લોકો, જે બિલાડાને ઝેર આપે છે તેમને મેં બદદુવા આપી હતી. એ બહુ ખરાબ વસ્તુ છે....

પણ એક રસ્તો છે....

તમે જાણો છો મેં બિલાડાઓ સાથે કરાર કર્યો હતો. બિલાડાઓના રાજા સાથે સમજૂતી કરી હતી. — એ બહુ બહુ સમય પહેલાં બન્યું હતું અને એ એકદમ આશ્ચર્યજનક હતું. અમુક કારણોસર બિલાડાઓના રાજાએ મને એ પ્રાણીઓ ઉપરના અમુક અધિકારો આપ્યા હતા. — હા એ સાચું છે. એ મુજબ માત્ર મારે જ એ પ્રાણીઓને સંભાળવાના છે....

બિલાડી/ડા એ છે પ્રાણમય શક્તિઓ, પ્રાણમય શક્તિઓના મૂર્ત સ્વરૂપો. એમનો રાજા એ છે પ્રાણમય વિશ્વનું સ્વરૂપ.

(The Mother : Conversations with a disciple, April 12, 1961)



**પ્રશ્ન :** મધુર માતાજી, આપ જણાવો છો કે પરમા માતા વિશ્વની સર્જનાત્મક શક્તિ છે. પરંતુ ભારતમાં સામાન્યતઃ એમ માનવામાં આવે છે કે બ્રહ્મા સર્જક છે.

**ઉત્તર :** શ્રી અરવિન્દે જણાવ્યું છે કે પરમા માતા જ છે બ્રહ્માની જનેતા. સર્વ દેવોની માતા એ પરમા મા ભગવતી જ છે. (CWM 7 : 156)

# દેવો અને માનવજાતિ

**અનેક ધર્મોની પ્રાર્થનાઓ**

અધિમનસ એ છે દેવોનો પ્રદેશ જે દેવોનું મૂળ દિવ્યતા છે. એમને જવાબદારી સોંપવામાં આવી છે વિશ્વની ઉત્ક્રાંતિની દેખરેખ રાખવાની, એનું નિદર્શન કરવાની અને એનું ગઠન કરવાની, તેમ જ ખાસ કરીને પૃથ્વી માટે ઊર્ધ્વ પ્રદેશોની મદદ લઈ આવવાની તથા મન અને એના ક્રમિક આરોહણનું સંચાલન કરવાની. કારણ પૃથ્વીની રચના થઈ ત્યારથી તેઓએ સંદેશાવાહક અને દરમિયાનગીરી કરનાર તરીકે કાર્ય કર્યું છે. મોટાભાગના ધર્મોની પ્રાર્થનાઓ સામાન્યતઃ અધિમનસના દેવોને અર્પણ કરવામાં આવતી હોય છે. આ બધા ધર્મો મોટે ભાગે અનેક કારણોસર અધિમનસના દેવોના ઉપયોગ માટે રૂપાંતર કરી એમને પરમ પ્રભુમાં ફરેવી નાંખે છે. (CWM 16 : 233-34)

*

**અધિમનસના દેવો સાથેનું માનવનું સગપણ**

એમ કહેવાયું છે કે : ‘મનુષ્યો દેવો માટે પશુ જેવાં છે’, પણ તે માણસ પશુ બનવાનું સ્વીકારે તો. માનવની પ્રકૃતિના મૂળ તત્ત્વમાં તો સર્વ વસ્તુઓ ઉપર એક ચક્રવર્તી સત્તા રહેલી છે અને એ જ્યારે અમુક સંખ્યાના વિચારો અને કહેવાતા જ્ઞાનથી જૂઠી બની ગયેલી હોતી નથી ત્યારે આ સત્તા તેને માટે સહજ અને સ્વાભાવિક હોય છે.

આપણે કહી શકીએ છીએ કે માણસ તેની પ્રકૃતિના સ્વરૂપની સર્વ અવસ્થાઓનો સર્વ શક્તિમાન સ્વામી છે, પરંતુ આ બનવાનું તે ભૂલી ગયો છે.

એની સ્વાભાવિક અવસ્થા તે સર્વ-શક્તિમાન બની રહેવાની છે — આ બનવાનું તે ભૂલી ગયો છે...

કુદરતી રીતે જ, વિકાસક્રમના વળાંકમાં, માણસ પોતાની સર્વ-શક્તિમત્તાને વીસરી જાય એ જરૂરનું હતું. કેમ કે એ સર્વશક્તિમત્તાને લીધે એ ગર્વ અને મિથ્યાભિમાનથી કેવળ ફુલાઈ ગયો હતો અને એમાંથી તે પૂરેપૂરો વિકૃત થઈ ગયો હતો અને એને એ વસ્તુનો અનુભવ કરાવવાની જરૂર હતી કે તેના કરતાં ઘણી વસ્તુઓ વધારે બળવાન અને વધારે શક્તિશાળી છે. પણ મૂળમાં આ વસ્તુ સાચી નથી. વિકાસક્રમના વળાંકમાં આ એક જરૂરની વસ્તુ છે, એટલું જ.

મનુષ્યમાં દેવ બનવાની શક્યતા રહેલી છે. એણે આમ તો પોતાને ખરેખરો દેવ માની લીધો હતો. પણ એણે એ શીખવાની જરૂર હતી કે પૃથ્વી ઉપર પેટે ચાલતા એક નાનકડા જંતુ કરતાં પોતે કંઈ જ વિશેષ નથી અને તેથી પૃથ્વી પરનું જીવન તેની હરેક રીતે ખબર લેવા માંડયું, એને

છોલવા માંડયો અને આખરે જતાં... એ સમજતો થયો એમ તો નહિ, પણ કાંઈ નહિ તો એને થોડું અનુભવાવા લાગ્યું તો ખરું જ. પરંતુ જ્યારે એ સાચી દૃષ્ટિમાં પહોંચે છે ત્યારે એને તરત જ ખબર પડે છે કે પોતે ગૂઢ રૂપે તો એક દેવ છે. માત્ર, એણે એ બનવાનું રહે છે, એટલે કે જે જે વસ્તુ દેવરૂપ નથી તે તે બધું તેણે જીતી લેવાનું રહે છે. દેવોની સાથેનો આ સંબંધ એક અતિશય રસિક વસ્તુ છે... જ્યાં સુધી મનુષ્ય આ દિવ્ય સત્ત્વોની શક્તિ, સુંદરતા, સિદ્ધિઓથી આશ્ચર્ય પામતો રહે છે અને એ બધા પ્રત્યે અહોભાવથી જોતો રહે છે ત્યાં સુધી એ તેમનો દાસ બની રહે છે. પરંતુ એને જ્યારે સમજણ પડે છે કે આ બધી વસ્તુઓ પરમાત્માની સ્વરૂપની જુદી જુદી અવસ્થાઓ છે, વિશેષ કાંઈ જ નહિ, અને તે પોતે પણ પરમાત્માના સ્વરૂપની એક બીજી રીતની અવસ્થા છે, કે જે તેણે બનવાનું છે ત્યારે દેવો સાથેનો સંબંધ બદલાઈ જાય છે અને એ તેમનો દાસ રહેતો નથી–એ તેમનો દાસ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ પૃ. ૪૦-૪૧)

*

**દેવોને અર્પણ કરાયેલી આરાધનાનું મૂલ્ય**

**પ્રશ્ન : મધુર માતાજી, કાલી–માતાની કરાતી પૂજામાં કશું આધ્યાત્મિક મૂલ્ય રહેલું છે ?**

**ઉત્તર : તેનો આધાર પૂજા કરનાર પર રહે છે.**

આધ્યાત્મિક મૂલ્ય માટે શું મહત્ત્વનું છે એ પ્રશ્ન નથી. યોગની સમગ્રતા અને એના પરિપૂર્ણ સત્ય માટે, પોતાની અભીપ્સાને એક યા બીજા રૂપમાં સીમિત ન કરવી તે મહત્ત્વનું છે. પણ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી જોતાં, પૂજાનો વિષય ગમે તે હોય, પણ જો ગતિ પરિપૂર્ણ રીતે સાચા દિલની હોય, જો આત્મ–સમર્પણ સમગ્ર અને પરિપૂર્ણ હોય, તો આધ્યાત્મિક પરિણામ એક જ આવે છે. કારણ કે તમે પૂજા માટે ગમે તે વિષય લો, તેની દ્વારા — અથવા તે હોવા છતાં — તમારા સમર્પણની દિલની સચ્ચાઈની માત્રામાં, તમે હંમેશાં એક જ પરમ વાસ્તવિક્તાને પ્રાપ્ત કરો છો.

તેથી હંમેશાં એમ કહેવામાં આવે છે કે તમે ભગવાનના ગમે તે અંશની પૂજા કરો, ગમે તે માર્ગદર્શક પસંદ કરો, પણ જો તમારું આત્મ–સમર્પણ પરિપૂર્ણ અને તદ્દન સાચા દિલનું હશે, તો તમે ચોક્કસ આધ્યાત્મિક લક્ષ્યને પ્રાપ્ત કરવાના.

પણ જ્યારે તમે પૂર્ણયોગ સિદ્ધ કરવા માગતા હો, ત્યારે પરિણામ તે જ નથી હોતું. તેમાં તમારે કોઈ પણ પ્રકારે તમારી જાતને સીમિત ન કરવી જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૮ પૃ. ૨૨૮)

*

**દિવ્ય સ્વરૂપો પોતાની પૂજા થાય એ પસંદ કરતા નથી.**

પરંતુ જો તમે ખરેખરાં દિવ્ય સત્ત્વોને જાણો તો તેઓની પાસે આ વસ્તુનું કાંઈ મૂલ્ય નથી. તેમની પૂજા તેમને બિલકુલ પસંદ નથી. ના, તેમને તેનાથી બિલકુલ વિશિષ્ટ આનંદ આવતો

નથી ! તેઓ સુખની લાગણી અનુભવતા નથી. કારણ કે તેઓમાં ગર્વ નથી. અભિમાનને લઈને લોકોને પોતાની પૂજા પસંદ છે; જો માણસમાં અભિમાન ન હોય તો તેને પોતાની પૂજા બિલકુલ પસંદ પડતી નથી; અને દાખલા તરીકે જો તેઓ એક શુભ ભાવના, સુંદર લાગણી અથવા નિઃસ્વાર્થ ક્રિયા, અથવા ઉત્સાહ, આનંદ કે આધ્યાત્મિક આનંદ જુએ, તો તેમને માટે પ્રાર્થનાઓ, ભક્તિની વિધિઓ કે પૂજાઓ કરતાં તેની ઘણી ઘણી વધારે કિંમત હોય છે.

હું તમને ખાતરીપૂર્વક કહું છું કે આ વસ્તુ ઘણી ગંભીર છે; જો તમે સાચા દેવને એક ખુરસી ઉપર બેસાડો, અને તમે પૂજા કરો ત્યાં સુધી તે જગાએ રહેવાથી ખરેખર તેને કોઈ સંતોષ આપશે નહીં. બિલકુલ નહીં ! તમારી પૂજાથી તેને પ્રશંસાની કે સુખની ભવ્યતાની લાગણી બિલકુલ થશે નહીં ! તમારે તે વિચારમાંથી મુક્ત થવું જોઈએ. એક આધ્યાત્મિક જગત અને ભૌતિક જગતોની વચ્ચે એક એવો પ્રદેશ છે જેની માલિકી પ્રાણિક સત્ત્વોની છે અને આ પ્રદેશ આવી બધી વસ્તુઓથી ભરપૂર છે, કારણ કે આ સત્ત્વો તેના ઉપર જ જીવે છે, તેનાથી સુખ પામે છે અને તેમને તાત્કાલિક ગૌરવ મળે છે; અને જે સત્ત્વને સૌથી વધારે સંખ્યામાં માનનારાં અનુયાયીઓ હોય તે સૌથી સુખી અને ગર્વથી ફૂલેલો હોય. પરંતુ કઈ રીતે માણસ કલ્પના કરી શકે કે દેવો પાસે આ વસ્તુઓની કિંમત છે... તે દેવો - જેના વિશે, હું સાચા દેવો વિશે વાત કરું છું. અધિમનસના દેવો પણ, જેઓ પણ થોડા થોડા આ તે પ્રકારના છે અને તેમનામાં પણ માનવીઓની જેવી કેટલીક ક્ષતિઓ હોય છે, તેમ છતાં તેમનામાં ઘણી ઉચ્ચતર ચેતના હોય છે. તેમને પણ આ બધું પસંદ નથી. એક શુભ કર્મ, બુદ્ધિમત્તા, નિઃસ્વાર્થપણું અથવા સૂક્ષ્મ સમજ અથવા સાચા દિલની અભીપ્સા — આ બધી વસ્તુઓ ધાર્મિક વિધિ-વિધાનો કરતાં તેમને મન વધારે કિંમતી છે. અનંતગણી કિંમતી ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ પૃ. ૧૮૯-૯૦)

*

**દેવો અને એમની મૂર્તિઓ**

જ્યારે કોઈ નાનું બાળક કોઈ વ્યક્તિનું ચિત્ર બનાવે ત્યારે તે ચિત્ર તે વ્યક્તિને મળતું આવે છે ? તે આવું હોય છે. અથવા કેટલીક વખત તેનાથી પણ વધારે ખરાબ રીતનું ! કારણ કે બાળક ખુલ્લા દિલનું હોય છે, સચ્ચાઈવાળું, જ્યારે જે લોકો દેવ-દેવીઓનાં ચિત્રો બનાવે છે તેમાં રૂઢ ખ્યાલો અને અગાઉથી બાંધેલા વિચારો હોય છે અથવા જે કાંઈ કહેવાયું હોય તે અને શાસ્ત્રોમાં લખાયેલું હોય, તથા બીજી વ્યક્તિઓએ જોયેલું હોય તે રીતનાં ચિત્રો બને છે અને તે બધી વસ્તુઓથી લોકો બંધાયેલા હોય છે. કોઈક વખતે, અમુક સમયે કેટલાક એવા કલાકારો હોય છે જેમને આંતરિક દર્શન હોય, એક મહાન અભીપ્સા, આત્માની અને દર્શનની પવિત્રતા, તેમણે કાંઈક સારું કહી શકાય એવું બનાવ્યું હોય છે. પણ આવું તો ભાગ્યે જ બને છે અને ઘણે ભાગે હું ધારું છું કે તે બિલકુલ વિપરીત હોય છે.

આ રૂપોમાંનાં કેટલાંક સ્વરૂપો મેં પ્રાણિક અને માનસિક જગતોમાં જોયાં છે. જે ખરેખર માનવ-સર્જનો હોય છે. એક પરાત્પરમાંથી શક્તિ આવે છે, જે આવિર્ભાવ કરે છે, પરંતુ

આ અસત્યના ત્રિવિધ જગતમાં ખરેખર માનવીએ પોતાની વધારે કે ઓછી કલ્પના પ્રમાણે ભગવાનને સર્જેલા છે — અને કેટલાંક તત્ત્વો રૂપમાં આવિર્ભાવ પામે છે અને તે માનવીના વિચારોનો ઘડાયેલો ઘાટ હોય છે અને અહીં ખરેખર એ બિહામણું હોય છે ! મેં એવી કેટલીક રચનાઓ જોયેલી છે... (મૌન) અને આ બધી તમોગ્રસ્ત, માનવામાં ન આવે તેવી, વ્યક્ત ન કરી શકાય તેવી  હોય છે.

બીજા દેવો કરતાં કેટલાક દેવો પ્રત્યે અનિષ્ટ આચરણ કરવામાં આવે છે. દા.ત. તે બિચારી મહાકાલી, તમે જાણો છો તેના પ્રત્યે કેવું વર્તન કરવામાં આવે છે ! તે એટલું બધું ભયંકર હોય છે તેની કલ્પના પણ ન થઈ શકે ! પરંતુ આ સ્વરૂપ ઘણા નિમ્ન જગતમાં રહે છે... હા, નિમ્નતર પ્રાણમાં; અને મૂળ સ્વરૂપની જે વસ્તુ તે ધારણ કરે છે.... તે મૂળ સ્વરૂપથી એટલી બધી ભિન્ન હોય છે કે તેને ઓળખી શકાય પણ નહીં. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ પૃ. ૨૬૭-૬૮)

*

**પ્રાણપ્રતિષ્ઠા**

અને જ્યારે તેની મૂર્તિ બનાવવામાં આવે છે. તમે સમજ્યા, ને પૂજારી જ્યારે એક સ્વરૂપને ઉતારે છે - જ્યારે વ્યવસ્થિત રીતે તેની વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે, ત્યારે આહ્વાનની આંતરિક અવસ્થામાં તે પોતાની જાતને મૂકીને દેવ-દેવીનો પ્રાદુર્ભાવ કરે છે - અને જો પૂજારીમાં આહ્વાન કરવાની શક્તિ હોય તો, તે શક્તિને તે મૂર્તિમાં મૂકે છે - તેમાં તે સફળ થાય છે - જો કે દરેક વસ્તુમાં અપવાદ હોય છે. આ લોકો જૂની રૂઢિના ખ્યાલોથી ટેવાયેલા હોય છે. દેવ-દેવીનું આહ્વાન કરવાનું હોય તેના જે દેખાવો અને ગુણો તેમને આપવામાં આવ્યા હોય તેમનો વિચાર કરીને, ઘણે ભાગે પ્રાણમય જગતના અથવા બહુ બહુ તો માનસિક જગતનાં સત્ત્વોનું આહ્વાન કરે છે - નહિ કે તે મૂળ સ્વરૂપનું અને આ નાનાં નાનાં તત્ત્વો તે અથવા બીજી મૂર્તિઓમાં પ્રકટ થાય છે. નાનાં મંદિરો અથવા કુટુંબોમાં પણ — કેટલાંક કુટુંબોમાં આવાં પવિત્ર સ્થાનો અથવા મૂર્તિઓ હોય છે. તમે જાણો છો. અને તેઓ આ દેવોની પૂજા કરતા હોય છે - તેમાં આ તત્ત્વો  પ્રકટ થાય છે; કેટલીક વખત તેનાં પરિણામો દુર્ભાગ્યજનક હોય છે, કારણ કે આ રૂપો મૂળ દેવતા કરતાં એટલાં બધાં ભિન્ન હોય છે... તેઓ બહુ કઢંગી રચનાઓ હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૬ પૃ. ૨૬૮-૬૯)

*

**માનવ રૂપે અવતાર ધારણ કરનાર દેવો**

એ તો જાણીતું છે કે પદાર્થતત્ત્વમાં આવી રહેલ ભાગવત અસ્તિત્વ, ચૈત્ય જીવનનો આદિ સ્રોત, એકનો એક જ છે. પરંતુ ઊર્ધ્વના જગતમા એવાં સત્ત્વો હોય છે, જેમણે પૃથ્વી ઉપર કદી શરીર ધારણ કર્યું નથી હોતું અને તે અહીં, પાર્થિવ ભૂમિકા ઉપર કાર્ય કરવા ઇચ્છતાં હોય છે. એટલે એ લોકો કોઈ ચૈત્ય પુરુષ તેમનો પૂર્ણ વિકાસ સાધે તેની રાહ જોતાં હોય છે અને તેમ બને ત્યારે તેમની સાથે એકતા કરીને પોતાની પ્રકૃતિ પ્રમાણે કોઈ કાર્ય કરવા ઇચ્છતા

હોય છે. એમની ચેતના પૃથ્વી ઉપરની ચૈત્ય ચેતનામાં ઉમેરાય છે. આ એવાં સત્ત્વો હોય છે, જેમણે પૃથ્વી ઉપર કદી પણ જન્મ લીધો હોતો નથી; જેમણે, જેમ જેમ સૃષ્ટિ આગળ વધતી ગઈ તેમ તેમ પોતાની જાતને વધુને વધુ ભૌતિક સ્વરૂપ આપ્યું હોય છે. આ જગતની એ પ્રથમ વિભૂતિઓ હોય છે; ખાસ કારણોસર વિશ્વમાં મોકલવામાં આવેલાં સત્ત્વો હોય છે. માણસો એમને દેવો અથવા દેવ પુરૂષો કહે છે. એટલે આમાંનું કોઈ સત્ત્વ કોઈ ખાસ હેતુસર કોઈ વિકાસશીલ ચૈત્ય પુરુષને પસંદ કરે છે.-એ એને મદદ કરે છે, એના વિકાસનું અનુસરણ કરે છે અને જ્યારે એ ચૈત્ય પુરુષ પોતાની અને તેની એકતાને આધાર આપી શકે તેટલા પૂરતા પ્રમાણમાં તૈયાર અને શક્તિશાળી થાય છે ત્યારે તે તેની સાથે જોડાઈ જાય છે અને પૃથ્વી ઉપર કોઈ કાર્ય સિદ્ધ કરવા તેની સાથે એકતા કરે છે. એવું બહુવાર બનતું નથી, પણ એવું બનેલું છે અને હજી પણ બને છે. તમને પ્રાચીન પરંપરાઓમાં એવી વાતો મળી આવે છે કે જેમાં દેવોએ પોતે પૃથ્વી ઉપર અવતાર લીધેલો; કેટલીક પુરાણ કથાઓમાં એવી વાતો આવે છે. એ વાતો કંઈક અંશે હકીકતને મળતી હોય છે. પરંતુ સર્વે ચૈત્ય પુરુષો ઊર્ધ્વ જગતનાં સત્ત્વો સાથે જોડાયેલા હોય જ એમ બનતું નથી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૪ પૃ. ૨૦૯-૧૦)

*

**દેવોના પ્રાદુર્ભાવો**

ચૈત્ય સ્વરૂપ એ ઉત્ક્રાંતિનું પરિણામ છે, એટલે કે દિવ્ય ચેતનાએ પોતાની જાતને પદાર્થતત્ત્વમાં ફેલાવી દઈને, પછી, ક્રમે ક્રમે, ભૌતિકતાને ઊર્ધ્વગમન કરાવ્યું છે અને એને પ્રભુ પ્રત્યે પાછી વાળવા માટે જરૂરી વિકાસ કરાવેલો છે. એટલે આવા અનેક જન્મજન્માંતરોમાં થઈને આ દિવ્ય કેન્દ્ર દ્વારા ચૈત્ય સ્વરૂપની રચના કરવામાં આવી છે. પછી એક સમય એવો આવે છે જ્યારે એ ચૈત્ય સ્વરૂપ અમુક રીતની પૂર્ણતા પ્રાપ્ત કરે છે, એનો વિકાસ અને ઘડતર પાકાં થાય છે; અને ત્યારે, ઘણી વાર એનામાં એક વિશાળ રીતની પૂર્ણતાની સિદ્ધિ થાય તે માટેની અભીપ્સા હોવાને લઈને, પ્રભુને હજી વધુ સારી રીતે પ્રગટ કરવાની અભીપ્સા હોવાથી, ઘણુંખરું એ ચેતનાના તિરોભવનમાં રહેલા કોઈ સત્ત્વને પોતાની પ્રત્યે આકર્ષી લાવે છે; એટલે કે, શ્રી અરવિન્દ જેને અધિમનસની ભૂમિકા કહે છે ત્યાંના કોઈ સ્વરૂપને એ ચૈત્ય સ્વરૂપ પોતાની પ્રત્યે આકર્ષી લાવે છે અને એ રીતે એ સ્વરૂપ, આ ચૈત્ય સ્વરૂપને અંગીકાર કરે છે. એવું સ્વરૂપ, સામાન્ય રીતે લોકો જેમને દેવો કહે છે, કેટલાંક જે દૈવી સ્વરૂપો હોય છે તેમાંનું કોઈ હોય એ બનવા જોગ છે. અને જ્યારે આવાં બે સ્વરૂપોનું આ રીતનું એકાકાર થવાનું બની આવે છે ત્યારે, સ્વાભાવિક છે કે ચૈત્ય સ્વરૂપ વધારે વિશાળ બને અને જે દૈવી સ્વરૂપે એની પ્રકૃતિનો અંગીકાર કર્યો હોય તેનો બધો લાભ એને મળે. જ્યારે આવી ઘટના બની હોય છે ત્યારે આવું સ્વરૂપ પોતાની અંદરથી પોતાના સ્વરૂપના પ્રાદુર્ભાવો રચી શકે છે. એટલે કે, એ મૂળ સ્વરૂપ પોતાની અંદરથી અમુક અંશનો પ્રક્ષેપ કરે છે અને એ સ્વરૂપ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કરી બીજી વ્યક્તિઓમાં દેહ ધારણ કરે છે. આવી રીતે, કોઈ એક સ્વરૂપનાં

કેવળ બે જ નહિ, પણ ત્રણ, ચાર અથવા પાંચ પ્રાદુર્ભાવો પણ હોઈ શકે છે. એનો આધાર અમુક ચોક્કસ પ્રકારના કિસ્સાઓ ઉપર રહે છે, પણ એમ બની શકે છે ખરું. આથી આપણે એમ કહી શકીએ છીએ કે એ વ્યક્તિનું મૂળ સ્વરૂપ એક જ ચૈતસિક — દિવ્ય પ્રકારનું હોય છે. અને જ્યારે એક કરતાં વધુ પ્રાદુર્ભાવોનું અસ્તિત્વ હોય ત્યારે ઘણુંખરું, જુદા જુદા લોકો તેમને વિશે સભાન બને એ સ્વાભાવિક છે, કારણ કે તે દરેક પોતાની અંદર એ દૈવી સ્વરૂપનો કોઈ ને કોઈ અંશ ધારણ કરતા હોય છે : એમાં જાણે એવું બને છે કે એ દૈવી સત્ત્વના અમુક અંશે પોતાનો પોતાની બહાર પ્રક્ષેપ કર્યો હોય છે અને એ રીતે પોતાના મૂળ સ્વરૂપથી અલગ સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કર્યું હોય છે. એમાં કોઈ વસ્તુએ બે ઘાટ કર્યા હોય એવું નથી હોતું. એમાં તો કેવળ એક રીતનો સ્વ-પ્રક્ષેપ હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ પૃ. ૩૮૪-૮૫)

*

**માનવની અંદર રહેલ ચૈત્યપુરુષ એને અસાધારણ બનાવે છે**

ચૈતસિક હાજરી જ માનવીને વિશિષ્ટ સત્તા આપે છે — મારે તેને (માનવીને) આ વિશે બહુ કહેવું નથી કારણ કે તે પોતાની જાત વિશેનું વધારે ગુમાન રાખે છે. તેને પોતાના વિશે એટલો બધો ઊંચો અભિપ્રાય હોય છે કે તેને ઉત્સાહ આપવાની જરૂર નથી ! પણ તેમ છતાં આ એક હકીકત છે — એટલી બધી સાચી કે વિશ્વમાંની બીજી ભૂમિકાઓમાં બીજાં સત્ત્વો પણ છે, જેને લોકો અર્ધ-દેવ કહે છે, દા.ત. સત્ત્વો જેમને શ્રી અરવિન્દ 'અધિમનસ' કહે છે. જેઓ પૃથ્વી ઉપર શરીર ધારણ કરવા માટે ખૂબ ઝંખના કરે છે, જેથી કરીને તેઓને ચૈતસિક અનુભવ થાય, કારણ કે તેમને તે હોતો નથી. આ સત્ત્વોમાં ચોક્કસ એવા ઘણા ગુણો હોય છે જે માનવીઓમાં અપવાદરૂપ હોય છે, અને તેનું અસ્તિત્વ પૃથ્વી ઉપર જ છે અને બીજી કોઈ જગ્યાએ પણ નહીં. આ ઊર્ધ્વ જગતોના નિવાસીઓ, ઉચ્ચતર મન, અધિમાનસ અને બીજા પ્રદેશો — તેમનામાં ચૈત્ય પુરુષ નથી. ચોક્કસ, પ્રાણજગતનાં સત્ત્વોને પણ ચૈત્યપુરુષ નથી, પરંતુ આ પ્રાણજગતને આવો અફસોસ નથી. તેમને તેની જરૂર પણ નથી. કેટલાંક બહુ વિરલ સત્ત્વો છે જે અપવાદરૂપ છે, જેમને પલટાવું છે, અને આટલા માટે તેઓ વિલંબ કર્યા વગર કાર્ય કરે છે — અને તાત્કાલિક સ્થૂલ શરીર ધારણ કરે છે. બીજાઓને તેની જરૂર નથી; એ એવી વસ્તુ છે જે તેમને બાંધી રાખે છે અને તેમને એવું શાસન જેની જરૂર નથી તેની સાથે જકડી રાખે છે.

પણ એ હકીકત છે એટલે મારે કહેવાની ફરજ પડે છે કે તે આ પ્રમાણે છે. અને માનવી માટે તે એક અપવાદરૂપ ગુણ છે કે તે ચૈત્ય પુરુષને પોતાનામાં ધારણ કરે છે અને સાચું કહીએ તો તેનો પૂરેપૂરો ફાયદો ઉઠાવાતો નથી આ ગુણને બહુ ઘણી ઇચ્છવાલાયક કોઈ વસ્તુ હોય એમ તે વિચારતો નથી, જે રીતે આ હાજરીની સાથે તે વર્તે છે તે ઉપરથી એમ લાગે છે કે તે બરાબર એમ જ છે ! તેના બદલે તે મનના ખ્યાલોને વધારે પસંદ કરે છે, પોતાના પ્રાણમય પુરુષની ઇચ્છાઓને તે વધારે પસંદ કરે છે અને તે જ પ્રમાણે શારીરિક ટેવોને પસંદ કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૬ પૃ. ૧૫૬-૫૭)

### દેવોની ઉપેક્ષા કરવી

થેંઓએ મને જે પરંપરાગત સ્વરૂપોનો પરિચય કરાવ્યો હતો તે સર્વ સાથે મારે સભાન સંપર્કો રહ્યા છે. ભારતીય પરંપરામાં વર્ણવાયેલાં સર્વ સ્વરૂપો; ખરું કહું તો સર્વ ધર્મોના સર્વે દેવતાઓ સાથે મારા સંપર્કો રહ્યા છે. એમાં ક્રમ રહેલો છે. (સ્તરો દર્શાવતું સૂચન). આ બધાં સ્વરૂપો સર્વ સ્તરે.... અમુક પ્રાણમાં, મનોમય પ્રદેશમાં... માણસોએ અનેકાનેક વસ્તુઓને દેવ બનાવી દીધી છે. જે કંઈ પણ એના પોતાના જેવું જ લાગતું ન હોય એને તેણે દેવ બનાવી દીધેલ છે. તમારામાં જો વીજપ્રવાહ હોય તો તમે એ સર્વ દેવો સાથે સંપર્ક કરી શકો છો. અને એ સર્વને એમની પોતાની વાસ્તવિકતા અને એમનું પોતાનું અસ્તિત્વ હોય છે. ....

અને આ અધિમાનસિક પ્રદેશ, દેવોનો પ્રદેશ, પોતાની વિશ્વ અને કંઈક અંશે પૃથ્વીનું નિયમન કરવાની શક્તિ સહિત પોતાની વાસ્તવિકતા ધરાવે છે.

તમે એ પ્રદેશ સાથે સંપર્કમાં આવી શકો છો અને એનો ઉપયોગ કરી શકો છો. વૈદિક પૂર્વજોએ એનો ઉપયોગ કર્યો હતો, ગૂઢવાદીઓએ એનો ઉપયોગ કર્યો છે, તાંત્રિકોએ પણ એનો ઉપયોગ કર્યો જ છે. પણ અન્ય એક માર્ગ પણ છે, જે દેવોમાં અવિશ્વાસ રાખી તેમની ઉપેક્ષા કરે છે. બુદ્ધિગમ્ય સંન્યાસ દ્વારા એ સર્વની ઉપેક્ષા કરવામાં આવે છે. ...

શ્રી અરવિન્દે જે પૂર્ણયોગ પ્રબોધ્યો છે, તે સર્વનો સમાવેશ કરે છે. એટલે વ્યક્તિ એમાં સર્વ પ્રકારના અનુભવો મેળવી શકે છે. અલબત્ત, વિશ્વનું સર્જન અનુભૂતિના ક્ષેત્ર તરીકે જ કરવામાં આવ્યું હતું. અમુક લોકો ટૂંકો, સીધો અને સંકુચિત માર્ગ પસંદ કરે છે. — એ એમની પસંદ છે. બીજાઓ માર્ગ ઉપર આળસમાં સમય બગાડે છે — અને એ એમની પસંદ હોય છે !

અને અમુક લોકો સર્વ પ્રકારના અનુભવો પ્રાપ્ત કરવા નિર્મિત થયા હોય છે. અને આમ એ લોકો મોટે ભાગે અધિમાનસિક વિશ્વમાં લાંબા સમય સુધી ભટકતા રહેતા હોય છે. સ્પષ્ટપણે ધાર્મિક અભીપ્સા સેવવા વાળા બહુજન, આમ અનેક પ્રકારના દેવદેવીઓ સાથે સંપર્કમાં આવતા હોય છે અને ત્યાં જ અટકી પડતા હોય છે — એમને માટે એ પૂરતું હોય છે.

(The Mother : Conversations with a disciple, September 26, 1962)

### દેવો વગર આપણે ચલાવી લઈ શકીએ

દેવોનો અનુભવ મારે માટે કદાપિ ખલેલથી વધુ કંઈ રહ્યો નથી — મનોરંજન, સમય પસાર કરવાનું સાધન. અને આમાનું કંઈ પણ જરૂરી કે અનિવાર્ય નથી. તમે આ સર્વ અનુભૂતિઓના ભોગવિલાસમાં તમારી જાતની સરભરા કરી શકો છો. અને એ અનુભૂતિઓ તમારા જ્ઞાનમાં, તમારી શક્તિમાં વૃદ્ધિ કરી શકે છે. તમારી આ કે પેલી વસ્તુમાં વધારો કરી શકે છે; પરંતુ એનું ખાસ મહત્ત્વ હોતું નથી. એ વસ્તુ તદ્દ્ન અલગ જ હોય છે.

આપણે દેવો વગર ચલાવી લઈ શકીએ. આ અનુભૂતિઓમાંની કોઈ પણ એક વિના આપણે અતિમનસમાં પહોંચી શકીએ છીએ. પણ તમારે જો વિશ્વને જાણવું હોય, એનો અનુભવ કરવો હોય, પરમાત્મા સાથે એમની અભિવ્યક્તિમાં તમારે એકતા કેળવવી હોય તો

ઠીક, આ પણ વધતા ઘટતા પ્રમાણમાં અને વધતીઘટતી શક્તિમાં પરમાત્માની અભિવ્યક્તિ જ હોય છે. સર્વ કંઈ એની અનુભૂતિના ભાગ રૂપ જ છે. તો પછી એના ભોગવિલાસમાં તમારી જાતને શા માટે ન સામેલ કરવી ? એ ખૂબ જ રસદાયક છે — પરંતુ અનિવાર્ય નહિ.

મને લાગે છે એક વખત તમે પરમાત્મા સાથે એકતા કેળવી લો અને પરમાત્મા પૃથ્વી પર તેમનું કાર્ય કરવા માટે તમારી પસંદગી કરી લે પછી એકદમ સહજપણે તેઓ તમને આ બધી વસ્તુઓ આપતા હોય છે. કારણ એનાથી તમારી કાર્ય કરવાની શક્તિમાં વધારો થતો હોય છે. બસ એ જ, એટલું જ એનું મહત્ત્વ....

મેં જેમ જણાવ્યું છે તેમ એ ભૂમિકાની આપણે અવગણના કરી શકીએ અને એના વિશે જાણ્યા વગર જ આગળ વધી જઈ શકીએ છીએ.

વેદોમાં એ વાંચીને મને રસ પડ્યો હતો કે તમારે જે રીતે આરોહણ કરવાનું હોય છે તે રીતે તમે આરોહણ ન કરો, તમે દેવોની ઉપેક્ષા કરો તો પછી અનિચ્છનીય, અસુખકારી બનાવો તમારી સાથે બનતા હોય છે અને તમારો માર્ગ રોકવામાં આવે છે — એ તમને યાદ છે ? આ જ વસ્તુ તમને ખ્યાલ આપે છે કે એ શું છે. એ છે વચગાળાનો પ્રદેશ, ને વચ્ચે દરમિયાનગીરીનો પ્રદેશ. પૃથ્વી કરતા ખૂબ જ ચઢિયાતો પરંતુ છે તો દરમિયાનગીરીનો જ પ્રદેશ. અમુક લોકોએ એ પ્રદેશમાં રોકાયા વગર જ એને પસાર કરી જવાનો પ્રયત્ન કર્યો હતો. અને પછી તેઓ જણાવે છે : એમ કરીને તમે મુશ્કેલીમાં મુકાઓ છો. વ્યક્તિગત રીતે, મને ખાતરી નથી, હું માત્ર મારા પોતાના અનુભવની જ વાત કરી શકું. .... મારા એમની સાથે મિત્રતાના સંબંધો રહ્યા છે. એટલે એમની ઉપેક્ષા કરવાનો કે ન કરવાનો પ્રશ્ન જ રહેતો નથી.

પરંતુ મારી એવી દૃઢ છાપ છે કે.... એને અતિમાનસ સર્જન સાથે કંઈ લેવા દેવા નથી. અતિમાનસ સર્જન પૃથ્વી માટે પરમ અને અનુપમનો ભાવ લઈ આવશે.

(The Mother : Conversations with a disciple, September 26, 1962)

**ધર્મોનો યુગ અને નૂતન સર્જન**

આ વાતને સાદી રીતે મૂકીએ તો, શ્રી અરવિન્દે જેને અધિમનસ્ સૃષ્ટિ કહી હતી તે જૂનું જગત દેવોનો અને ધર્મોનો યુગ હતો. પરમતત્ત્વ પ્રત્યેના માનવીય પ્રયાસના પુષ્પે અસંખ્ય ધાર્મિક રૂપોને, શ્રેષ્ઠ જીવાત્માઓ અને અદૃશ્ય જગત વચ્ચેના ધાર્મિક સંબંધને પ્રગટાવ્યા હતાં. તે સર્વના શિખર પર, ઉચ્ચતર સાક્ષાત્કાર પ્રત્યે પ્રયાસના રૂપમાં, બધા ધર્મોની એકતાનો વિચાર ઉદ્ભવ્યો છે, આ સર્વ આવિર્ભાવોની પીઠમાં રહેલી એક વસ્તુનો વિચાર ઉદ્ભવ્યો છે. આ વિચાર ખરેખર માનવીય અભીપ્સાની છેલ્લામાં છેલ્લી મર્યાદા છે. તે સીમાડા પર છે. તે હજી સંપૂર્ણપણે અધિમનસ્‌ના જગતની છે.  તે અધિમનસ્‌ની સૃષ્ટિ ત્યાંથી આ નવીન સૃષ્ટિ પ્રત્યે દૃષ્ટિ નાંખી રહી છે, પણ તેને તે સમજી શકતી નથી. તેને પહોંચવાનો તે પ્રયત્ન કરે છે. તેને આવતી તે અનુભવી શકે છે, પણ સમજી શકતી નથી. જો વસ્તુઓ તદ્દન પલટાઈ જાય, જો અદલાબદલી થઈ જાય તો જ તે તેને સમજી શકે. અધિ–મનસ્‌ની સૃષ્ટિનો ત્યાગ કરવાની

જરૂર છે. તેની જગ્યાએ અતિમાનસ સૃષ્ટિ, આ નવીન સૃષ્ટિ આવે એ જરૂરી છે.

હવે આ બધી જૂની વસ્તુઓ ખૂબ જૂની લાગે છે, સમય બહારની, મરજી મુજબ કરાયેલી, વાસ્તવિક સત્યની ઠઠ્ઠા-મશ્કરી સમાન લાગે છે.

અતિમાનસ્ સૃષ્ટિમાં કોઈ ધર્મો નહિ હોય. સમગ્ર જીવન જગતમાં પ્રગટ થતી દિવ્ય એકતાની અભિવ્યક્તિ હશે. રૂપોમાં ખિલવવાની ક્રિયારૂપ હશે. માણસો અત્યારે જેમને દેવો કહે છે, તે પણ તે સૃષ્ટિમાં નહિ હોય.

આ મહાન દિવ્ય સત્ત્વો પોતે જ આ નવી સૃષ્ટિમાં ભાગ લેવા શક્તિમાન બનશે. પણ તેમ કરવા માટે તેમણે પૃથ્વી પર અતિમાનસ તત્ત્વને ધારણ કરવું પડશે. જો તેમાંનાં કેટલાંક પોતાના જગતમાં પોતે છે તેવાં જ રહેવા માગશે, જો તે ભૌતિક રીતે પ્રગટ થવાનો નિર્ણય નહિ કરે, તો અતિમાનસ સૃષ્ટિનાં સત્ત્વો સાથે તેમનો સંબધ મિત્રો તરીકેનો રહેશે, સહકાર્યકરો તરીકેનો, સમાન દરજ્જાના સત્ત્વો તરીકેનો રહેશે, કારણ કે પૃથ્વી પર નવીન અતિમાનસ જગતનાં સત્ત્વોમાં ઉચ્ચત્તમ દિવ્ય તત્ત્વ પ્રગટ થયું હશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૯ પૃ. ૧૪૪-૪૫)

**દેવોથી સ્વતંત્ર થવું**

શ્રી અરવિન્દ કહે છે તે આ છે. હકીકતમાં, તે એક પ્રાર્થના છે.

'હે વરુણ, મારામાં વિશાળ બનો. હે ઈન્દ્ર, મારામાં શક્તિશાળી બનો. હે સૂર્ય, મારામાં ખૂબ પ્રકાશમય, તેજોમય બનો. હે ચંદ્ર, સુંદરતાથી અને મધુરતાથી પરિપૂર્ણ બનો. હે રુદ્ર, ભયંકર અને ભીષણ બનો. હે મરુતો, વેગવાળા અને ઝડપવાળા બનો. હે અર્યમા, બળવાન અને હિંમતવાન બનો. હે ભગ, ઉપભોક્તા અને આનંદદાયી બનો. હે મિત્ર, કોમળ, ભલા, પ્રેમાળ અને આવેગમય બનો. હે ઉષા, પ્રકાશયુક્ત અને પ્રગટ કરનારી બન. હે રાત્રિ, ગંભીર અને ગર્ભવતી બન. હે જીવન, પરિપૂર્ણ, તૈયાર અને ખુશમિજાજી બન. હે મૃત્યુ, મારાં પગલાંને એક ભવનમાંથી બીજા ભવન પ્રત્યે દોરી જા. હે બૃહસ્પતિ, આ બધામાં સંવાદ સ્થાપી આપો. હે કાલી, હું આ દેવોને પરાધીન ન બનું તેવું કરો.'

એટલે શ્રી અરવિન્દ કાલીને મહાન મુક્તિદાયક શક્તિ માને છે, જે તમને પ્રગતિ પ્રત્યે ધક્કેલે છે, અને તમારામાં કોઈ બંધનો રહેવા દેતી નથી, જે બંધનો તમને પ્રગતિ કરવામાં બાધા પેદા કરે.

*

બાળક : મધુર માતાજી, શ્રી અરવિન્દ કાલીને સૌથી વધુ મહત્ત્વ શા માટે આપે છે ?

**શ્રી માતાજી :** આ બધા દૈવી તત્ત્વો જે જે દેવોનાં પ્રતિનિધિ રૂપ તથા પ્રતીક છે, તે બધા દેવોને પ્રાપ્ત કરવા એ તો સારી વાત છે અને જરૂરી પણ છે, એટલા માટે જ શ્રી અરવિન્દ એ બધાનું ઉદ્‌બોધન કરે છે અને તેમને પ્રાર્થના કરે છે કે તે એમની પ્રકૃતિને પોતાના હાથમાં લઈ લે. પરંતુ જેને પરમાત્મા સાથે મિલન જોઈતું હોય, જેને પરમ સાક્ષાત્કારની અભીપ્સા હોય

તેને માટે આટલી વસ્તુ પૂરતી નથી રહેતી. એટલે શ્રી અરવિન્દ છેવટે કાલીને આમંત્રે છે અને તેની પાસેથી આ બધા દેવોની પર ચાલ્યા જવાની શક્તિ માગે છે.

કાલી તે વિશ્વરૂપ મા ભગવતીનું સૌથી વધુ શક્તિશાળી સ્વરૂપ છે, અને એ કાલીની શક્તિ મા ભગવતીએ રચેલી સૃષ્ટિમાં આવેલા સર્વ દેવો કરતાં વધારે છે. એટલે આ કાલી સાથે તમે એકતા પામો તો તમે બધાય દેવો કરતાં વધારે વિશાળ, વધારે પૂર્ણ, વધારે સમર્થ બની શકો છો. અને તેથી જ કાલી સાથેના મિલનની અવસ્થાને શ્રી અરવિન્દ બીજા બધા દેવો કરતાં એક ઉપરની અને પર અવસ્થા ગણે છે. (CWM 10 : 84)

### અગણિત આત્માઓની મધુર મા

એક યુવાન સાધિકાની નોંધપોથીમાંથી લીધેલો આ એક બીજો દાખલો છે. પોતાની અવિરત પ્રવૃત્તિઓમાં પણ શ્રીમા વ્યક્તિગત રીતે સાધકોને તેમ જ યુવામંડળને પોતાના આત્માની અભીપ્સાના માર્ગ પર આગળ ધપાવવાનો સમય કાઢી લેતાં. રાત્રે લગભગ આઠ વાગ્યાના સુમારે ધ્યાન માટે નીચે ઊતરતાં પહેલાં દસબાર યુવાન બાલિકાઓને મળી લેતાં; પરંતુ ઘણા દિવસો તો તેઓને શ્રીમાને મળવા માટે કલાકો સુધી રાહ જોવી પડતી, કેટલીકવાર તો રાતના ૧૦-૦૦ વાગી જતા. તેઓ તે સમય દરમિયાન ક્ષુધાતુર થઈ જતી કે આંખો ઊંઘથી ઘેરાઈ જતી અને તેઓને ઘણીવાર ભોજન વગર ચલાવી લેવું પડતું; કારણ કે તેમની મુલાકાત બાદ તુર્ત જ ધ્યાન શરૂ થતું. એક દિવસ એક બાલિકાની ધીરજ ખૂટી ગઈ અને તે શ્રીમાને અર્પણ કરવાનાં પુષ્પો એક તાસકમાં મૂકી, શ્રીમાને મળ્યા વગર જ ચાલી ગઈ. એટલામાં તો શ્રીમા આવી પહોંચ્યાં. આ બન્ને પ્રસંગો આકસ્મિક રીતે સાથે બની આવ્યા. આથી બધી બાલિકાઓ આશ્ચર્યચક્તિ થઈ ગઈ. તેઓએ વિચાર્યું કે, ''આ કેવી કસોટી !'' એકાદ બાલિકા શ્રીમા પાસે ગઈ કે તરત જ શ્રીમાએ પૂછ્યું, ''અહીં આ પુષ્પોની તાસક કોણે મૂકી રાખી છે ? અરે 'ક્ષ' એ કે ? હં તમે ખરેખર મને આશ્ચર્ય પમાડો છો ! તમે થોડો વખત પણ મારે માટે થોભી શકતાં નથી અને અધીરાં બની જાઓ છો ? તમે જાણો છો સઘળા દેવો અને દેવીઓ મારા દર્શન કરવાં કેટલાં આતુર છે ? અને સાધુ સંતો ધ્યાનમાં એકાદ ક્ષણ માટે પણ મારાં દર્શન કરીને પોતાની જાતને ધન્ય ગણે છે ?'' આ સાંભળી એ બાલિકાએ જવાબ આપ્યો, ''પરંતુ, માતાજી ! અમે તો આપને અમારાં મિત્ર ગણીએ છીએ, જ્યારે આપણે કોઈ વૃક્ષ નીચે ઊભા રહીએ છીએ ત્યારે આપણે શીતળ છાયા આપનાર વૃક્ષનો વિચાર કરીએ છીએ ?'' આ મધુર જવાબ સાંભળી શ્રીમા નિઃશસ્ત્ર બની ગયાં અને તરત જ તે બાલિકાને ઊંચકી લીધી.

(શ્રી અરવિન્દના સાન્નિધ્યમાં બાર વર્ષ : પૃષ્ઠ - ૧૧૬)

# એક મહા અનુગ્રહ



(લાંબા વાર્તાલાપનો એક ભાગ)

.... ઓહ ! તને ખબર નથી કે હું તમારા બધા ઉપર કેવી કૃપા કરી રહી છું.

.... તમને કાંઈ કલ્પના જ નથી કે આખું જગત, સમગ્ર વિશ્વ મને પ્રણામ કરે છે, મારી સેવા કાજે ભક્તિભાવપૂર્વક મને ભજે છે, પ્રાર્થે છે. તમને ખબર નથી કે હું કોણ છું, કોણ તમારી વચ્ચે અજ્ઞાનમહીં અવતર્યું છે, કોણ સ્થૂળ દેહ ધારણ કરવા સંમત થયું છે. તમને કોઈ કલ્પના જ નથી કે તમારી સમક્ષ કોણ છે. વારુ ત્યારે, દેવો પણ, જેઓનો તમે ખૂબ જ આદર કરો છો, તેઓ બધા મારી એક ઝાંખી પ્રાપ્ત કરવા માટે તપસ્યા કરે છે. મારા થકી જ અને મારા દ્વારા જ સમગ્ર વિશ્વનું અસ્તિત્વ છે અને તે મારી ચેતનામાં ઝંકૃત થઈ ઊઠે છે. મારા દ્વારા જ સર્વ ચેતન અને અચેતન વસ્તુઓ અને જગતના આવિર્ભાવમાં જે કાંઈ તમે જુઓ છો તે સર્વ કાર્ય કરે છે અને પ્રગતિ કરે છે. એવું કાંઈ જ નથી જે મારી અંદર ન હોય. હું જ કારણ છું, મારી અંદર જ સર્વ વસ્તુઓ લીન થઈ જાય છે. સર્વ કાંઈ, સર્વ વસ્તુઓ મારી અંદર જ અભિવ્યક્ત થાય છે અને મારે શરણે આવવા માટે અભીપ્સા કરે છે. જેઓ મને થોડા અંશે પણ જાણી લે છે તેઓ મને પામવા માટે તેમનું સમગ્ર જીવન અર્પી દે છે.

... હું સમગ્ર આવિર્ભાવથી પર છું.

**શ્રી માતાજી**

(પુસ્તક : પરમ પેજ નં. ૧૧)

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ કેન્દ્ર, ગાંધીનગરના ઉપક્રમે તા. ૧ ડિસેમ્બરના રોજ એક દિવસીય યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં શહેરની અગ્રગણ્ય સંસ્થા 'કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઑફ બી.એના ૯૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવન-દર્શન પર આધારિત પ્રસંગો વિશે ૨૨ વિદ્યાર્થીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કેન્દ્રના અધ્યક્ષ ડૉ. સી. કે. તન્ના તથા અન્ય સાધકોએ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિબિરાર્થીઓ માટે કેન્દ્ર દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

કેન્દ્ર દ્વારા તા. ૫-૧૨થી ૧૧-૧૨ દરમિયાન શ્રી અરવિન્દ રચિત મહાકાવ્ય સાવિત્રી વિષયક જ્ઞાનસપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અશ્વિનભાઈ કાપડિયાએ પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને 'સાવિત્રી'નું વિષય વસ્તુ અને તેના વ્યાપ વિશે સુંદર સમજ આપી હતી. સપ્તાહ દરમિયાન નગરજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી 'સાવિત્રી' મહાકાવ્ય વિશે જાણવાની પોતાની ઉત્સુકતા દર્શાવી હતી.

કેન્દ્ર દ્વારા સુંદર, વ્યવસ્થાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું.

અંતે કેન્દ્રના અધ્યક્ષશ્રીએ આભારવિધિ કરી હતી. ઉપર્યુક્ત બંને કાર્યક્રમોની વિગતવાર રજૂઆત સ્થાનિક સમાચાર પત્રોમાં થઈ હતી.

*

જામનગર કેન્દ્રમાં નીચે મુજબ કાર્યક્રમો થયાં.

૧૭ નવેમ્બર ૨૦૧૬ : શ્રી માતાજીનો દેહોત્સર્ગ-દિન. ૨૦ નવેમ્બર ૨૦૧૬ : શ્રી માતાજીનો મહા સમાધિ-દિન. સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન, સાંજે ૭થી ૮ પ્રાર્થનાગીતો, પ્રસંગને અનુરૂપ વાચન તથા શ્રી માતાજીના ઓર્ગન મ્યુઝિક સાથે ધ્યાન.

૨૪ નવેમ્બ્ર ૨૦૧૬ : સિદ્ધિદિન - દર્શન દિન. સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૭થી ૮.૧૫ પ્રાર્થનાગીતો, પ્રસંગને અનુરૂપ વાચન તથા શ્રી માતાજીના ઓર્ગન મ્યુઝિક સાથે ધ્યાન.

૫ ડિસેમ્બર ૧૦૧૬ : શ્રી અરવિન્દનો દેહોત્સર્ગ-દિન.

૯ ડિસેમ્બર ૨૦૧૬ : શ્રી અરવિન્દનો મહાસમાધિ-દિન. સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન. સાંજે ૭થી ૮ શ્રી અરવિન્દનો નૂતન ગાયત્રી મંત્ર-કેસેટ શ્રવણ, પ્રસંગને અનુરૂપ વાચન તથા શ્રી માતાજીના ઑર્ગન મ્યુઝિક સાથે ધ્યાન. બધા કાર્યક્રમોમાં સારી સંખ્યામાં સાધકોએ હાજરી આપી હતી. (અહેવાલ : બિપિન શનિશ્ચરા)

# મહા પુરુષો

મહા પુરુષો તે મહાન ન હતા એવું સાબિત કરવાનો પ્રયત્ન લોકોએ શરૂ કર્યો છે, પરંતુ આ એક ઘણી મોટી ભૂલ છે. માણસો જો મહત્તાની કદર નહિ કરે તો જગત કૃપણ, અલ્પ, મૂઢ, સંકુચિત અને તામસી થઈ જશે.

*

યોગનું લક્ષ્ય બાહ્ય મહત્તા નથી. પણ તેથી કંઈ વિશ્વની યોજનામાં મહત્તાએ જે ભાગ ભજવ્યો છે તેનો આપણે સ્વીકાર ન કરવો જોઈએ અથવા મહાન કર્મવીરો, મહાન કવિઓ અને મહાન ચિત્રકારો વગેરેનાં સ્થાનને સ્વીકારવું ન જોઈએ એમ નથી. મહાપુરુષોમાં જે શક્તિ રહેલી છે તે મહાન છે અને તે શક્તિ ઈશ્વરમાંથી આવતી હોય છે, – મહાપુરુષો પોતાનાં કાર્યોથી અને મહત્તાથી જગતને સહાય કરે છે અને વિશ્વમાં રહેલા હેતુને સહાય આપે છે.

*

દુર્ગુણો તે અનિયંત્રિત માર્ગોમાં વહી જતો શક્તિનો માત્ર ઊભરો જ હોય છે. મહાન માણસોમાં શક્તિ વધારે હોય છે અને તે શક્તિ માણસો જેને દુર્ગુણો કહે છે તે રૂપે તેમ જ માણસો જેને સદ્‌ગુણો કહે છે તે રૂપે બહાર વહી આવે છે. ભગવાને મહાન માણસોના દુર્ગુણોની શા માટે ચિંતા કરવી જોઈએ ? ભગવાન તે શું પોલીસ છે ? જ્યાં સુધી માણસ સામાન્ય પ્રકૃતિમાં રહેતો હોય છે ત્યાં સુધી તેનામાં શક્તિઓ અને ઊણપો, સદ્‌ગુણો અને દુર્ગુણો રહેતાં હોય છે. માણસ જ્યારે ઊર્ધ્વમાં ચાલ્યો જાય છે ત્યારે પછી સદ્‌ગુણો અને દુર્ગુણો રહેતા નથી, – કારણ કે આ વસ્તુઓ દિવ્ય પ્રકૃતિમાં આવેલી નથી.

શ્રી અરવિન્દ

(વ્યવહારુ માર્ગદર્શન : પૃ. ૧૩૨-૧૩૩)

(વર્ષ ૦૩ : અંક ૨)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**